RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 83* Date: 19.01.2021 Tuesday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### પીએમએ અમદાવાદ મેટ્રો ફેઝ-૨ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ ઇ-ખામૂહૂર્ત કર્યું

# વડાપ્રધાન મોદીની અમદાવાદ-સુરતને 'મેટ્રોની ગિફ્ટ'



### અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ની લંબાઈ ૨૮.૨૫ કિ.મીની હશે, મોટેરાથી મહાત્મા મંદિર સુધી કોરોડિર બનશે, પ્રથમ તબક્કામાં ૪૦ કિમિના બે તબક્કા રહેશે

*ન્યુ દિલ્હી/ગાંધીનગર,તા.૧૮*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતના વધુ બે મહત્વના પ્રોજેકટનું શિલાન્યાસ કરવામાં આવ્યું છે. અમદાવાદ ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેકટ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટનું દિલ્લી ખાતેથી વર્ચ્યુલ શિલાન્યાસ કરવામાં આવ્યું. અમદાવાદ ફેઝ ૨ના મેટ્રોના કામનું ખાતમુહૂર્ત થયુ જે મોટેરાથી ગાંધીનગરને જોડશે. આ પ્રસંગે માનનીય રાજયપાલ આચાર્ય દેવવ્રત, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી વિજય રૂપાણી, ભારતના ગૃહમંત્રી અમિત શાહ, ભારતના કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) ડો.હરદીપ સિંઘ પુરી ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પીએમ મોદીએ ગુજરાતીમાં પોતાનું સંબોધન શરૂ કરતા જણાવ્યું કે, અમદાવાદ અને સુરતના બધા લોકો ઊંધિયા અને જલેબીમાંથી હવે નવરા પડ્યા હશે. તેમણે વધુમાં જણાવ્યું કે, આજે ઉત્તરાયણની શરૂઆતમાં આજે અમદાવાદ અને સુરતમાં, મોટા વેપારી શહેરોમાં મેટ્રો કનેક્ટિવિટીને મજબૂત કરવાનું કામ કરશે. કાલે કેવડિયા માટે નવા રેલ માર્ગો અને ટ્રેનોની શરૂઆત કરી. આ શુભારંભ માટે હું ગુજરાતનાં લોકોને ઘણી શુભેચ્છાઓ આપુ છું. આજે ૧૭ હજાર કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ શરૂ થઈ રહ્યું છે. જે બતાવે છે કે કોરોનાના આ કાળમાં પણ દેશનાન નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામ સતત વધી રહ્યા છે. અમદાવાદ અને સુરત બંન્ને ગુજરાત અને ભારતનાં આત્મનિર્ભર્તાને સશ્ક્ત કરતા શહેરો છે. મને યાદ છે કે, જયારે અમદાવાદમાં મેટ્રોની શરૂઆત થઈ હતી તે ઘણો જ મૂલ્યવાન પળ હતો. લોકોના ચહેરા પર ખુશી હતી. લોકો આ જોવા માટે ધાબા પર ચઢી ગયા હતા. આ કદાચ જ કોઈ ભૂલી શકે છે. અમદાવાદની ઓળખે મેટ્રો સાથે જોડાયુ છે. મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર નિર્માણ કરવામાં આવશે, તો ગુજરાત નેશનલ લો યુની. થી ગિફ્ટ સીટી ને જોડાશે. જેનો લાભ લાખો લોકોને મળશે. અમદાવાદ બાદ સુરત બીજુ એવું શહેર છે જે મેટ્રોથી જોડાશે. સુરતમાં મેટ્રો નેટવર્ક એક રીતે સમગ્ર શહેરના મહત્વપૂર્ણ વેપારી કેન્દ્રને જોડશે. આજે આપણે શહેરોના પરિવહનને એકીકૃત સિસ્ટમ તરીકે વિકસાવી રહ્યા છીએ. એટલે કે એટલે કે, બસ, મેટ્રો, રેલ એ બધા પોતપોતાની રીત પ્રમાણે ન ચાલવા જોઈએ, પરંતુ સામૂહિક પ્રણાલી તરીકે કામ કરવું જોઈએ, એક બીજાને પૂરક બનાવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આજે સુરતની આબાદીને જોઈએ તો દેશનું આઠમું મોટું શહેર છે. જ્યારે દુનિયાનું ચોથુ સૌથી ઝડપી વિકસિત થતું શહેર છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતના શહેરો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વર્ષોથી અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી છે. ખાસ કરીને ગામમાં છેલ્લા બે દાયકામાં માર્ગ, વીજળી અને પાણીની સ્થિતિમાં સુધારો થયો છે. ગુજરાતની વિકાસયાત્રામાં તે ખૂબ જ મહત્વપૂર્ણ અધ્યાય છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, છેલ્લા ૬ વર્ષમાં દેશમાં આરોગ્ય સેવાઓ સંબંધિત યોજનાઓ શરૂ થઈ છે, ગુજરાતને પણ ખૂબ વ્યાપકપણે આ લાભ મળી રહ્યો છે. આયુષ્માન ભારત યોજના અંતર્ગત ગુજરાતના ૨૧ લાખ લોકોને નિઃશુલ્ક સારવાર મળી છે.

આપણામાંના મોટા ભાગના લોકોએ તે સમય જોયો છે જ્યારે ટ્રેન અને ટેક્કર દ્વારા ગુજરાતના ગામડાઓમાં પાણી પહોંચાડવું પડતુ હતું. હવે ગુજરાતના દરેક ગામમાં પાણી પહોંચ્યું છે. એટલું જ નહીં, હવે લગભગ ૮૦% ઘરોમાં નળમાંથી પાણી મળી રહ્યું છે. જળ જીવન મિશન અંતર્ગત રાજ્યમાં ૧૦ લાખ નવા જળ જોડાણો પૂરા પાડવામાં આવ્યા છે. નળમાંથી પાણી ખૂબ જ જલ્દીથી ગુજરાતના દરેક ઘરે પહોંચશે.

સિંચાઈ માટે, આજે ગુજરાતના એવા વિસ્તારોમાં પણ પાણી પહોંચ્યું છે, જ્યાં એક સમયે સિંચાઇ સુવિધા અશક્ય માનવામાં આવતી હતી. તે સરદાર સરોવર ડેમ, સોની યોજના, વોટર ગ્રીડનું નેટવર્કના કારણે. ગુજરાતના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોને લીલોતરી આપવા માટે વિસ્તૃત કામગીરી કરવામાં આવી છે.




## વડાપ્રધાન મોદીએ નેપાળના વિદેશ મંત્રીનો મળવાનો સમય ન આપ્યો..!

*ન્યુ દિલ્હી,તા.૧૮*

નેપાળના વિદેશ મંત્રી પ્રદીપ કુમાર જ્ઞાવલીનો ભારત પ્રવાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત વગર જ પૂરો થઇ ગયો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદેશ મંત્રીને મળવાનો સમય આપ્યો જ નહીં અને પાડોશી દેશને સ્પષ્ટ સંદેશો આપી દીધો છે. ભારત સરકારનું કહેવું છે કે જ્યાં સુધી નેપાળ નવા નકશા બાદ ઉભા થયેલા સરહદ વિવાદનો ઉકેલ લાવતું નથી ત્યાં સુધી તેમની સાથે કોઇ નક્કર વાતચીત થશે નહીં. નેપાળે નવા નકશામાં ભારતીય વિસ્તાર લિમ્પિયાધુરા, કાલાપાની અને લિપુલેખને પોતાનો હિસ્સો દર્શાવે છે. વાત એમ છે કે નેપાળ ઈચ્છતું હતું કે બંને દેશોની વચ્ચે દ્વિપક્ષીય સંબંધ એવી રીતે આગળ વધ્યા જેમકે બંને દેશોની વચ્ચે કંઇ થયું જ નહોતું. જો કે ભારત નેપાળની સાથે વિકાસ, કનેક્ટિવિટી, ટ્રેડ અને અન્ય વિસ્તારોમાં કામ કરી રહ્યા છે પરંતુ આ પહેલા જેવું નથી. નેપાળી વિદેશ મંત્રીના પ્રવાસ પરથી એક સંકેત તો મળે છે કે બંને દેશોના સંબંધ ફરીથી પાટા પર આવી રહ્યા છે. કોરોના રસીને લઇ ભારતે નેપાળની સાથે સહયોગપૂર્ણ વલણ અપનાવ્યું છે.

## પં.બંગાળમાં રોડ શો દરમ્યાન ભાજપ-ટીએમસી કાર્યકરો વચ્ચે પથ્થરમારો

*કોલકાત્તા,તા.૧૮*

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીને લઈ ભાજપ અને ટીએમસીએ અત્યારથી જ એડીચોટીનું જોર લગાવી દીધું છે. બંગાળમાં પોતાનો પાયો મજબૂત કરવા માટે બીજેપી તમામ પ્રયાસ કરી રહી છે. અને થોડા થોડા દિવસોના અંતરે અહીં કેન્દ્રીય મંત્રીઓ સાથેની રેલી યોજે છે. આજે બંગાળમાં કેન્દ્રીય મંત્રી દેબાશ્રી ચૌધરી અને બંગાળ બીજેપી પ્રમુખ દિલીપ ઘોષ અને બીજેપી નેતા સુવેંદુ અધિકારી સાથે ભાજપે રેલીનું આયોજન કર્યું હતું. આ રેલીમાં ટીએમસીના કાર્યકરોએ પથ્થરમારો કરી દીધો હતો. જે બાદ ભાજપ અને ટીએમસીના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી.

બીજેપીની રેલી નીકળી તે સમયે ટીએમસીની મહિલા વિંગ દ્વારા કાળા ઝંડા ફરકાવવામાં આવ્યા હતા. અને રેલીની સામે ટીએમસી કાર્યકરોએ ટીએમસીનો ઝંડા દેખાડ્યા હતા. આ સમયે રસ્તા પર રહેલાં અમુક કાર્યકરોએ ભાજપની રેલી પર પથ્થરો મારવાના શરૂ કરી દીધા હતા. જે બાદ બંને પાર્ટીઓનાં સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી.

નંદીગ્રામથી ચૂંટણી લડવાના પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીના નિર્ણય બાદ બીજેપીએ નિશાન સાધ્યું છે. સાથે જ બીજેપીએ મમતા બેનર્જીના દક્ષિણ કોલકાતામાં શક્તિ પ્રદર્શન કર્યું હતું. બીજેપીએ ટાલીગંજથી રાની રાસબિહારી એવન્યુ અને ડાયમંડ હાર્બરમાં રોડ શો નીકાળ્યો હતો. જેમાં બીજેપી પ્રદેશ અધ્યક્ષ દિલીપ ઘોષ, કેન્દ્રીય મંત્રી દેવશ્રી ચૌધરી અને સુવેંદુ અધિકારી સામેલ હતા. દિલીપ ઘોષે કહ્યું કે, મમતા બેનર્જીએ ગત ચૂંટણીમાં કહ્યું હતું કે તે ૨૯૪ સીટ પર ચૂંટણી લડશે. પણ તે ડરી ગઈ છે. શુભેંદુ અધિકારીએ કહ્યું કે, રાજયની જનતાએ મન બનાવી લીધું છે. તે નંદીગ્રામથી ચૂંટણી લડશે કે બીજે ક્યાંયથી જનતા તેમને ઉખેડીને ફેંકી દેશે. તેઓનો પરાજય નિશ્ચિત છે.

## પાકિસ્તાનમાં સિંધ પ્રાંતમાં લોકો રસ્તા પર ઊતર્યાઃ મોદીની તસ્વીરો દેખાઈ

*કરાચી,તા.૧૮*

પાકિસ્તાનમાં સિંધ પ્રાંતને ચીનના હાથે 'વેચવાનો' વિરોધ કરી રહેલા લોકો એ અલગ સિંધુદેશ બનાવવાની માંગણીને લઈ સાન કસબામાં રેલી નીકાળી. આ રેલીમાં સામેલ લોકોએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દુનિયાના બીજા નેતાઓની તસવીર હાથમાં લઈ સિંધુદેશ બનાવામાં મદદની ભલામણ કરી છે. આ દરમ્યાન પ્રદર્શનકારીઓએ આઝાદીના સમર્થનમાં સૂત્રોચ્ચાર પણ કર્યા.

આ રેલી રવિવારના રોજ સાન કસબામાં નીકળી હતી. આ દરમ્યાન પ્રદર્શન કરી રહેલા લોકોએ અલગ સિંધુદેશ બનાવામાં પીએમ મોદી અને વિશ્વના અન્ય નેતાઓના હસ્તક્ષેપની માંગણી કરી. આપને જણાવી દઈએ કે સિંધ પ્રાંતની સાથે ઈમરાન સરકાર ખૂબ અપમાન કરતું આવ્યું છે. એટલું જ નહીં સિંધની જમીનને જબરદસ્તી ચીનને આપી રહ્યા છે. દરિયાઇ વિસ્તાર ચીનને માછલી પકડવા માટે આપી રહ્યા છે.

પાકિસ્તાનના સિંધ પ્રાંતના જમસોરો જિલ્લામાં સૈયદના ગૃહનગરમાં રવિવારના રોજ આયોજીત એક વિશાળ રેલી દરમ્યાન લોકો એ આઝાદી સમર્થકના સૂત્રોચ્ચાર કર્યા. તેમણે દાવો કર્યો કે સિંધ, સિંધુ ઘાટી સભ્યતા અને વૈદિક ધર્મનું ઘર છે, જેના પર બ્રિટિશ સામ્રાજ્ય એ ગેરકાયદે રીતે કબ્જો કરી લીધો હતો અને ૧૯૪૭માં પાકિસ્તાનને ઈસ્લામી હાથોમાં સોંપી દેવામાં આવ્યું હતું.

### હાર્ટ એટેકથી જીવ ગયો, વેક્સિનથી નહિઃ ડોક્ટરની સ્પષ્ટતા

## ઉ.પ્રદેશમાં વેક્સિન લીધાના ૨૪ કલાક બાદ વોર્ડબોયના મોતથી હડકંપ મચ્યો

*મુર્દાબાદ,તા.૧૮*

ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં જિલ્લા હોસ્પિટલમાં વોર્ડ બોય તરીકે કામ કરતા ૪૬ વર્ષના મહિપાલ સિંહનું અચાનક તબિયત ખરાબ થતાં મોત થયું હતું. પરિવારના સભ્યોનો આરોપ છે કે મહિપાલ સિંહને ૧૬ જાન્યુઆરીએ કોરોના રસીકરણ અભિયાન દરમિયાન રસી આપવામાં આવી હતી અને રસીના કારણે તેમનું મોત નીપજ્યું હતું. જોકે ચીફ ઓફ મેડિકલ ઓફિસર સીએમઓ એમસી ગર્ગે આ આરોપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે મહિપાલના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોતનું કારણ હાર્ટ એટેક આવ્યું છે. જિલ્લાધિકારી રાકેશકુમાર સિંહે પણ મહિપાલસિંઘના હાર્ટ એટેકથી મોતની વાત કહી છે. તેમણે કહ્યું કે મહિપાલના અવસાન બાદ કોરોના રસી અંગે અફવા ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. મહિપાલ સિંહના દીકરાએ મીડિયાને જણાવ્યું હતું કે સવારે ડ્યૂટી પરથી છૂટ્યા બાદ તે અચાનક તબિયત બગડી ગઇ હતી. મારે કોઈ કામથી જવાનું હતુ તો હું જતો રહ્યો, સાંજે મને ફોન આવ્યો કે તબિયત વધુ ખરાબ છે. પરિવારે ૧૦૮ પર ફોન કર્યો હતો પરંતુ તેઓ સમયસર આવ્યા ન હતા. શનિવારે રસીકરણ બાદ તેમનો શ્વાસ ખૂબ ફૂલી રહ્યો હતો. એક સવાલના જવાબમાં વિશાલે કહ્યું કે તેઓ કોરોના પોઝિટિવ પણ નહોતા. પરિવારનો આરોપ છે કે રસી આપતા પહેલાં મહિપાલ સિંહનું મેડિકલ તપાસ કરવામાં આવી નહોતી. મહિપાલ સિંહના મૃત્યુ બાદ સીએમઓ એસસી ગર્ગ તેમના ઘરે પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે મહિપાલના છાતીમાં દુઃખાવો અને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી હતી. ત્યારબાદ હોસ્પિટલ લઇ જવાયા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરાયા. પરિવારના આરોપો પર સીએમઓએ કહ્યું કે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું. કેટલાંક લોકો એ ભ્રમ ઉભો કરી રહ્યા છે કે મુરાદાબાદમાં વેક્સીનના લીધે મોત થયું છે. મૃતકનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો તેમાં હાર્ટ એટેક કારણ છે. આ ઘટનાનો વેકસીન સાથે કોઇ સંબંધ નથી.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૪૯૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૫૬૩૬૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૨**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૭૦૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૪૫૯૦૭**

## કોરોના વાઈરસ બે માસમા નષ્ટ થઈ જશેઃ જગવિખ્યાત વાઈરોલોજિસ્ટ ડૉક્ટર જેકબ

*ન્યુ દિલ્હી,તા.૧૮*

જગવિખ્યાત વાઈરોલોજિસ્ટ ડૉક્ટર ટી જેકબ જોને કહ્યું હતું કે કોરોના વાઈરસ હવે વધુમાં વધુ બે માસમા નષ્ટ થઇ જશે. વાઈરસના નવા સ્ટ્રેન વિશે બોલતાં તેમણે કહ્યું કે બીજા સ્ટ્રેનના વાઈરસને સમજવા માટે આપણે પહેલા તબક્કાના વાઈરસનો ઊંડો અભ્યાસ કરવો પડશે. જો કે નવા સ્ટ્રેનની વાત સાચી છે એમ તેમણે કહ્યું હતું. વાઈરસનો નવો સ્ટ્રેન આવી ચૂક્યો છે એ તેમણે સ્વીકાર્યું હતું. વેલ્લોરની ક્રિશ્ચન મેડિકલ કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક અને ટોચના વાઈરોલોજિસ્ટ ડૉક્ટર જેકબે કહ્યું કે કોવેક્સિન બનાવવાની પદ્ધતિ અભૂતપૂર્વ છે પરંતુ એ સાથે આપણે યાદ રાખવું જોઈએ કે અત્યારે સમય પણ અભૂતપૂર્વ છે. કોવેક્સિન ઈમર્જન્સી સ્ટેજમાં વાપરવાની સંમતિ આપવામાં આવી છે પરંતુ સરકાર માટે આ વેક્સિન ખરીદવી બંધનકર્તા નથી. કોવેક્સિનના વિવાદ અંગે ડૉક્ટ જેકબે કહ્યું કે મારો અંગત અભિપ્રાય પૂછવામાં આવે તો હું કોવીશીલ્ડને બદલે કોવેક્સિન લેવાનું વધુ પસંદ કરું. વિવાદના મુદ્દે તેમણે કહ્યું કે વિવાદથી નુકસાન કોને છે. લોકોને એ હકીકત ધ્યાનમાં રહેવી ઘટે.

તેમણે કહ્યું કે વેક્સિનની અસર ૫૦ ટકા કે તેથી વધુ હોય તો આપોઆપ રજિસ્ટ્રેશન માટે યોગ્ય ઠરે છે. એની અસરના આંકડા જોઈતા હોય તો ટ્રાયલ કૉડને તોડવો પડે. ડેટા એન્ડ સેફ્ટી મોનિટરીંગ બોર્ડના નિયમ મુજબની આ વાત છે. ઈમર્જન્સીમાં વાપરવાની સંમતિ અપાય એનો અર્થ એ છે કે આ વેક્સિન પૂરેપૂરી સુરક્ષિત છે અને એ બીજા તબક્કાની ટ્રાયલના પરિણામો પર આધારિત વાત હતી.

## ચીન-પાકને પહોંચી વળવા ભારત લડાકુ વિમાનો ખરીદશે

*ન્યુ દિલ્હી,તા.૧૮*

ભારત અને પાકિસ્તાનની સાથે જારી તણાવની વચ્ચે ભારત સેનાશક્તિમાં વધારો કરી રહ્યું છે. ઈન્ડિયન એર ફોર્સમાં સ્વદેશમાં ઉત્પાદિત ૮૩ તેજસ લડાકુ વિમાનોની ખરીદી માટે સરકારની લીલી ઝંડી મળ્યા પછી ભારત રશિયાથી મિગ-૨૯ અને સુખોઈ ૩૦ એમકેઆઇ ખરીદશે. આવનારા દિવસોમાં રશિયાથી ભારત ૨૧ મિગ-૨૯ અને ૧૨ સુખોઈ-૩૦ એમકેઆઇ ફાઈટર પ્લેન ખરીદશે. એના માટે રશિયાને ટૂંક સમયમાં આરએફપી મોકલવામાં આવશે.૨૧ મિગ-૨૯ વિમાનો માટે આરએફપી (રિકવેસ્ટ ફોર પ્રપોઝલ) ટૂંક સમયમાં રશિયન કંપની રોકોબોર્નોએક્પોર્ટને જારી કરવામાં આવશે. એર ફોર્સમાં આ વિમાનોના સામેલ થવાથી આ પ્રકારના વિમાનોની સંખ્યા વધીને ૫૯ થઈ જશે.

જ્યારે સુખોઈના આવવાથી આ પ્રકારના લડાકુ વિમાનોની સંખ્યા ૨૭૨ થઈ જશે. ભારત ૨૭૨ સુખોઈમાંથી અત્યાર સુધી ૨૬૮ને પોતાના કાફલામાં સામેલ કરી ચૂક્યું છે. ૮૩ નવા તેજસ એર ફોર્સમાં જાન્યુઆરી, ૨૦૨૪થી ડિસેમ્બર, ૨૦૨૮ની વચ્ચે સામેલ થશે. બંને પડોશી દેશોની સાથે એક સાથે લડવા માટે એર ફોર્સ પાસે લડાકુ વિમાનોની કમસે કમ ૪૨ સ્ક્વોર્ડન હોવા જોઈએ. હાલ મિગ-૨૧, મિગ-૨૩ અને મિગ-૨૭ જૂનાં પડ્યાં છે અને એ ધીમે-ધીમે સેવામાં બહાર થશે. એર ફોર્સમાં વિમાનોની કમીને પૂરી કરવા માટે કેન્દ્ર સરકારે સંરણ ખરીદ પ્રક્રિયા પહેલાંથી સરળ બનાવી છે. આ જ ક્રમમાં ૩૬ રફાલ લડાકુ વિમાનોનો સોદો થયો હતો. ભારતની પાસે લડાકુ વિમાનોની આશરે ૩૩ સ્ક્વોર્ડન છે. પ્રત્યેક સ્ક્વોડ્રનમાં ૧૬ વિમાન હોય છે અને બે ટ્રેનર વિમાન સામેલ હોય છે.

## તંત્રી સ્થાનેથી...

# ! મેરા દેશ લુટ રહા હૈ !!

RBIનો વાર્ષિક આર્થિક અહેવાલ ૨૦૨૦ એટલે કે RBI Report FY20 જણાવે છે કે વર્ષ ૨૦૨૦માં ૨૦૧૯ કરતા પણ વધારે બેક્ર ફ્રોડ થયા છે, જે આઝાદીથી માંડીને આજ દિન સુધી તેની સર્વોચ્ચ સપાટીએ છે. કૉંગ્રેસ અને અન્ય પક્ષની સરકારોએ દેશનું દેવું ૫૦ લાખ કરોડ પહોચાડ્યુ, જેમાં સાત દાયકા લાગી ગયા. પણ ડિજિટલ ઇન્ડિયાના સેનાપતિએ એ આંકડો માત્ર સાત જ વર્ષમાં ડબલ એટલે કે ૧૦૩ લાખ કરોડે પહોચાડી દીધું છે. આ ઉપરાંત બેક્ર ફ્રોડ દ્વારા ૪૭ લાખ કરોડ રુપિયા ડૂબી ગયા છે. વિચારો, દેશ કેટલો લુટાયો છે!

દેશનો NPA (Non Performing Asset) નવ લાખ કરોડે પહોચી ગયો છે. NPA એટલે એવી લોન જેના દ્વારા શરુ કરેલું સાહસ કોઇ કમાણી કરતું નથી અને બેક્રોને ધુંબા મારવા સિવાય એની પાસે કોઇ ઉપાય બચ્યો નથી. ક્યારેક તો લોન માત્ર બેક્રોને ધુંબા મારવા જ લીધેલી હોય છે. જ્યારે લોન ચૂકવવાનો વારો આવે ત્યારે સેટીંગ કરી ભાગી જવાનુ. આવા કેટલાય લોકો બેક્રોને ચૂનો લગાવી ભાગી ગયા છે. વિજય માલ્યાનો પાસપોર્ટ જપ્ત થતાં તે રાજદ્વારી (એટલે કે રાજ્યસભાના સભ્ય હોવાના નાતે મળેલા ડિપ્લોમેટપાસપોર્ટ) પાસપોર્ટ દ્વારા ભાગી ચૂક્યો છે.

સાહેબનું ડિજિટલ ઇન્ડિયા પણ ગજબનું છે. લોકો ૫૯ મિનિટમાં ૯૦૦ કરોડ રુપિયા લોન લઇ ૫૯ મિનિટમાં ભાગી જાય છે. ખુબી એ છે જે બેક્રોને ચુનો લાગ્યો છે, એમાંથી ૮૫% સરકારી બેક્રો છે. RBI FY20ના મતાનુસાર મોદી સરકારમાં આ રકમ સૌથી વધુ છે. અભણ, મુર્ખ, અલગ પ્રકારના ગરીબ અને પછાતની વાતોમાં આવી સત્તાના સુપ્રીમ સુત્રો કોઇને સોંપી દો તો દેશ વિશ્વગુરુ ન બને, સાહેબ જેવો બને. આવા ફ્રોડસ્ટર્સ ભાગેડુઓ માટે લંડન સ્વર્ગ સમાન છે. ત્યાંથી કોઇ ગુનેગારને પાછો લાવવો એ મગરના જડબા માંથી બકરુ છોડવવા બરાબર છે, સાહેબ ભલે મગરનું બચ્ચુ જ ઘરે ઉચકી લાવ્યા હોય, એટલું આ સરળ નથી. કેમ કે ઇન્ગ્લેન્ડ ત્યાં આવેલ દરેક નાગરિકને મહેમાન જેવો દરજ્જો આપે છે.

બીજુ, કાળાનાણા સાચવવા બાબતે Swis બેક્ર ભ્રષ્ટાચારીઓ માટે સ્વર્ગ સમાન છે. સાહેબ ભલે કહે કે ૧૦૦ દિવસોમાં સ્વિસ બેક્ર માંથી કાળુનાણું આવી જશે. એ કઇક ૬૦/૬૫ કોલોનું લીસ્ટ પણ ખીસામાં ફેરવતા. પછી કદાચ એ દસ લાખનો સ્યુટ ધોવામાં નાખ્યું હશે ને એ લીસ્ટ એમાં નષ્ટ પામ્યું હશે. કોરોના કાળ પહેલા સાહેબ ચારે બાજુ ઉડાઉડ કરતા, વિવિધ દેશો સાથે સબંધો મજબૂત બનાવતા. પાકિસ્તાનને એકલુ પાડતા, ચીનને ધ્રુજાવતા અને દેશનો ડંકો દેશ વિદેશમાં વગાડતા. પણ રામદેવના કથન અનુસાર કાળુ ધન પરત આવી જાય તો દેશના દરેક ગામને ૨૦૦-૨૦૦ કરોડ રુપિયા મળે તો વિચારો દેશનો કેવો વિકાસ થાય, ખાતા-પિતા પણ ગ્રામ્યવિકાસ યુરોપિય દેશોને ટક્કર મારે. પણ એક તો એ કામ ન થયુ અને બીજુ ભાગેડુઓને પાછા લાવી શકાતા નથી. મોદી હૈ તો નામુનકિન હૈ. કઇક એવી જોગવાઈ થવી જોઈએ કે કોઇ લોન લઇને ભાગી ન શકે. પણ આગામી સાડાત્રણ વર્ષમાં કેક રાજ્યોમાં ચુંટણી છે. એમાથી તો સાહેબને નવરા પડવા દો.

લાસ્ટ-પંચ: બેક્રોને ચુનો ચોપડતા ભાગેડુઓને નાથવા માટે એક કમિટી બનાવી તેમાં વિજય માલ્યા, નિરવ મોદી, લલિત મોદી અને મેહુલ ચોકસીની યુદ્ધના ધોરણે નિમણૂક જરૂરી છે.

### હાલ કોઈ આદેશ આપવા કોર્ટનો ઈન્કાર, વધુ સુનાવણી બુધવારે

# દિલ્હીમાં કોણ આવશે કોણ નહીં, પોલીસ નક્કી કરશે: ખેડૂતોની ટ્રેક્ટર રેલી પર સુપ્રિમનું નિવેદન

ન્યુ દિલ્હી,તા.૧૮

સુપ્રીમ કોર્ટએ સોમવારે કહ્યું કે, ખેડૂતોની ટ્રેક્ટર રેલી યોજાવી જોઈએ કે નહીં, એ નક્કી કરવાનું કામ પોલીસનું છે. એવામાં હવે ગણતંત્ર દિવસે ખેડૂતોની ટ્રેક્ટર માર્ચ થશે, તેના પર નિર્ણય દિલ્હી પોલીસએ લેવાનો રહે છે. જોકે, સુપ્રીમ કોર્ટ બુધવારે ફરી આ મામલા પર સુનાવણી કરશે.



આજે સુપ્રીમ કોર્ટમાં ગણતંત્ર દિવસે ખેડૂત સંગઠનો દ્વારા આયોજિત ટ્રેક્ટર રેલીને લઈ સુનાવણી હાથ ધરવામાં આવી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રામલીલા મેદાનમાં પ્રદર્શનની મંજૂરી પર પોલીસે નિર્ણય લેવાનો છે. સાથોસાથ કોર્ટે કહ્યું કે શહેરમાં કેટલા લોકો, કેવી રીતે આવશે તે પોલીસ નક્કી કરશે. ચીફ જસ્ટિસે કહ્યું કે શું હવે કોર્ટે જણાવવું પડશે કે સરકારની પાસે પોલીસ એક્ટ હેઠળ શું શક્તિઓ છે. હવે સુપ્રીમ કોર્ટ બુધવારે આ મામલાની સુનાવણી કરશે. ચીફ જસ્ટિસ એસ.એ. બોબડેએ કહ્યું કે, મામલો પોલીસનો છે. અમે તેની પર નિર્ણય નહીં લઈએ. અમે મામલો હાલ સ્થગિત કરી રહ્યા છીએ. હવે આ મામલાની સુનાવણી બુધવારે થશે. સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યા છે કે ખેડૂતોને દિલ્હી પ્રવેશ જેવા વિષય પર પહેલા પ્રશાસને નિર્ણય લેવો જોઈએ.

બીજી તરફ, ટ્રેક્ટર રેલીને લઈ દિલ્હી પોલીસે કહ્યું કે, કોઈ પણ રેલીસ કે એવો વિરોધ જે ગણતંત્ર દિવસ સમારોહમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરે છે, તે દેશને શરમમાં મૂકનારું કૃત્ય હશે. તેનાથી દુનિયાભરમાં દેશની બદનામી થશે. કાયદો-વ્યવસ્થા ખરાબ થવાની સ્થિતિ ઊભી થઈ શકે છે. પોલીસે અલગ-અલગ રિપોર્ટ્સનો હવાલો આપતા કહ્યું કે અનેક ખેડૂત ગણતંત્ર દિવસની પરેડમાં ખલેલ પહોંચાડવા માટે લાલ કિલ્લા સુધી પહોંચવાની તૈયારી કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કૃષિ કાયદાઓની વિરુદ્ધ દિલ્હીની સરહદો પર વિરોધ પ્રદર્શન કરી રહેલા હજારો ખેડૂતોનું આંદોલન સતત ઉગ્ર બનતું જઈ રહ્યું છે. અત્યાર સુધી સરકાર અને ખેડૂતો વચ્ચે નવ રાઉન્ડની વાતચીત થઈ ચૂકી છે. આ બેઠકોમાં અનેક મુદ્દાઓ પર સહમતિ સધાઈ ગઈ છે પરંતુ ખેડૂત સંગઠનો ત્રણ કૃષિ કાયદાને રદ કરવા પર અડગ છે. આ દરમિયાન ૨૬ જાન્યુઆરીએ ખેડૂત સંગઠનોએ ટ્રેક્ટર રેલીનું આયોજન કર્યું છે.

# જે.સી.આઇ.પ્રાઇમ બીલીમોરાનો એવોર્ડ બેંકવેટ અને ઇન્સ્ટોલેશન કાર્યક્રમ



જે.સી.આઈ. બીલીમોરા પ્રાઇમનો એવોર્ડસ બેંકવેટ અને ઈન્સ્ટોલેશન સેરેમનીનો કાર્યક્રમ સેફ્રોન હોટલ હોલ, ચીખલી ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૯-૨૦ ના જે.સી.આઈ. બીલીમોરા પ્રાઈમના પ્રમુખ જેસી ડો.અર્ચના મુકેશ મહેતાએ ૨૦૧૯-૨૦ વર્ષ દરમિયાની ઉત્કૃષ્ટ કામગીરીનો અહેવાલ રજુ કર્યો હતો. વર્ષ ૨૦૨૧ માટે જેસીઆઇ બીલીમોરા પ્રાઈમના નવા નિયુક્ત પ્રમુખ જેસી નિરલ પટેલે નવા પ્રમુખ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. કાર્યક્રમમાં પધારેલા મુખ્ય મહેમાન એવા સુપ્રિટેન્ડન્ટ ઓફ સીજીએસટી અને સેન્ટ્રલ એક્સાઇઝ નવસારી ખાતેના શ્રી પ્રશાંત દેસાઈએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વલસાડથી પધારેલ કીનોટ સ્પીકર પાસ્ટ ઝોન ઓફિસર જેસી જિજ્ઞેશ પટેલે જેસીઆઇ સંસ્થા અને તેની આસ્થાનું મહત્વ સમજાવ્યુ હતુ. તથા અંકલેશ્વરથી પધારેલ ઝેડવીપી જેસી ચિત્રાંગ સાવલિયાએ નવા પ્રમુખને શપથ લેવડાવ્યા હતા. અને જેસીઆઇની આવનાર ઈવેન્ટસનો ચિતાર રજુ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફાઉન્ડર પ્રેસિડન્ટ જેસી સરજુ એન્જિનિયર, પાસ્ટ પ્રેસિડન્ટસ જેસી પ્રશાંત પટેલ તથા જેસી દર્શના પટેલે કર્યુ હતુ. બીલીમોરા પ્રાઈમના સેક્રેટરી જેસી ભાવિન સાલુંકેએ આભારવિધિ કરી ઉપસ્થિત સૌ કોઇનો આભાર માન્યો હતો.

## ટીસીએસ સૌથી વધુ માર્કેટ કેપિટલાઇઝેશનવાળી કંપની બની

મુંબઇ,તા.૧૮

માર્કેટ કેપિટલાઈઝેશન પ્રમાણે દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને મોટો ઝટકો લાગ્યો છે. આજે સવારે તે દેશની બીજી મોટી કંપની બની છે. જોકે પછીથી તે પ્રથમ નંબરે આવી ગઈ. ટાટા ગ્રુપની આઈટી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ હવે દેશની સૌથી વધુ માર્કેટ કેપવાળી કંપની બની છે. આજે સવારે ટીસીએસની માર્કેટ કેપ ૧૨,૨૧,૩૭૩ કરોડ રૂપિયા રહી. જ્યારે આરઆઈએલની માર્કેટ કેપ ૧૨,૨૦,૩૪૧ કરોડ રૂપિયા રહી છે. જોકે કારોબાર દરમિયાન પ્રથમ અને બીજા નંબરે રહેલી બંને કંપનીની માર્કેટ કેપ આજે આગળ-પાછળ થતી રહી છે. આ પહેલાં ગત સપ્તાહે જ સેન્સેક્સના વેઈટેજમાં રિલાયન્સ બીજા નંબરે પહોંચી ગઈ હતી. જોકે પ્રથમ નંબર પર એચડીએફસી પહોંચી ગઈ હતી. આ રીતે બે સપ્તાહમાં કંપનીને બીજો ઝટકો લાગ્યો છે. આજે સવારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરની કિંમત ઘટીને ૧૯૨૨ રૂપિયા સુધી જતી રહી હતી. જોકે માર્કેટ કેપમાં તે ટીસીએસથી ૧૯૨૫ રૂપિયા ઘટી ગઈ હતી.

### આ કેસની સુનાવણી ૨૫ જાન્યુઆરીએ થશે

# તમારી પ્રાઈવસીને અસર થતી હોય તો વોટ્સએપ ડિલીટ કરી દો: હાઈકોર્ટ

## હાઈકોર્ટે આકરી ટિપ્પણી કરતા કહ્યું, આ પ્રાઈવેટ એપ છે પ્રાઈવસી પ્રભાવિત થઈ હોય તો વ્હોટસએપ ડિલિટ કરી દો

ન્યુ દિલ્હી,તા.૧૮

વોટ્સએપ દ્વારા લાવવામાં આવેલ પ્રાઈવસી પૉલિસીને લઇ સોમવારના રોજ દિલ્હી હાઈકોર્ટમાં સુનવણી થઇ. અરજીકર્તા દ્વારા અપીલ કરવામાં આવી હતી કે આ પૉલિસીને લઇ સરકારે પગલાં લેવા જોઇએ, આ પ્રાઇવસીનું ઉલ્લંઘન થયું છે. જો કે દિલ્હી હાઈકોર્ટે આ કેસમાં કોઇ નોટિસ રજૂ કરી નહીં અને કહ્યું છે તેના પર વિસ્તૃત સુનવણી જરૂરી છે. હવે આ કેસની સુનવણી ૨૫મી જાન્યુઆરીના રોજ થશે.

અરજીકર્તા દ્વારા કોર્ટમાં કહ્યું કે તેના પર સરકારે મોટા પગલાં ભરવા જોઇએ, આ લોકો પ્રાઈવસીનું ઉલ્લંઘન કરે છે. વ્હોટસએપ જેવી પ્રાઈવેટ એપ સામાન્ય લોકો સાથે જોડાયેલી વ્યક્તિગત માહિતીઓને શેર કરવા માંગે છે તેના પર પ્રતિબંધ મૂકી દેવાની જરૂર છે.

તેના પર દિલ્હી હાઈકોર્ટે આકરી ટિપ્પણી કરી. હાઈકોર્ટે કહ્યું કે આ એક પ્રાઈવેટ એપ છે, જો તેની પ્રાઈવસી પ્રભાવિત થઇ રહી છે તો તમારે વ્હોટસએપને ડિલીટ કરી દેવું જોઇએ. કોર્ટે કહ્યું કે શું તમે મેપ કે બ્રાઉઝરનો ઉપયોગ કરો છો? તેમાં પણ તમારો ડેટા શેર કરાય છે. કોર્ટમાં અરજીકર્તાની તરફથી અપીલ કરવામાં આવી કે અમે આ કેસમાં ઇચ્છીએ છીએ કે કડક કાયદો બને. યુરોપિયન દેશોમાં તેને લઇ કડક કાયદો છે આથી વ્હોટસએપની પૉલિસી ત્યાં પર અલગ છે અને ભારતમાં કાયદો કડક ના હોવાના લીધે સામાન્ય લોકોના ડેટાને થર્ડ પાર્ટીને શેર કરવા પર આવી એપને કોઇ મુશ્કેલી નથી. કોર્ટમાં વ્હોટસએપની તરફથી મુકુલ રોહતગીએ દલીલ કરી કે તેમણે કહ્યું કે તેનો ઉપયોગ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને લોકોની પ્રાઈવસીનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. બે મિત્રોની પરસ્પરની વાતચીત કોઈપણ થર્ડ પાર્ટી સાથે શેર કરાશે નહીં. આ માત્ર વ્હોટસએપ બિઝનેસ સાથે જોડાયેલા ગ્રૂપ માટે છે, જેમાં ડેટા અને રૂચિને જોઇને તેને બિઝનેસ માટે ઉપયોગ કરાશે.

વ્હોટસએપની તરફથી હાજર બીજા વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે અરજીની સુનવણી માટે યોગ્ય જ નથી, તેને નકારી દેવી જોઇએ. કેન્દ્રની તરફથી એડિશનલ સોલિસિટર જનરલ ચેતન શર્મા એ કહ્યું કે આ અરજીને લઇ ઉતાવળમાં નોટિસ રજૂ કરવી જોઇએ નહીં, પરંતુ તમામ પક્ષોને પહેલાં સાંભળવા જરૂરી છે.

# કેશોદમાં એક સાથે ૧૧ વિધર્થિનીઓ કોરોના સંક્રમિત મળી આવતા ખળભળાટ

ગાંધીનગર,તા.૧૮

ગુજરાત રાજ્યમાં ગત ૧૧ જાન્યુઆરીથી શાળા માં ધોરણ ૧૦ અને ૧૨ માટે શૈક્ષણિક કાર્ય શરુ થયું છે. કોરોના ની ગાઈડલાઈન્સ અનુસાર રાજ્યમાં શાળાઓ શરુ કરવામાં આવી છે. ત્યારે રાજ્યમાં શાળા શરુ થયા બાદ વિધાર્થીઓમાં કોરોના વૈર્સનું સંક્રમણ જોવા મળ્યું છે. જામનગર બાદ હવે જૂનાગઢ જીલ્લાના કેશોદમાં એક સાથે ૧૧ વિધર્થિનીઓ કોરોના સંક્રમિત મળી આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર જુનાગઢના કેશોદમાં ૧૧ વિદ્યાર્થિનીઓને એક સાથે કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. એક જ શાળાની ૧૧ વિધાર્થીનીઓ સંક્રમિત મળી આવતા તંત્ર અને શાળાના સંચાલકો સહીત વળી ગાનમાં હડકંપ મચી ગયો છે.

કે.એ. વણપરિયા વિનય મંદિરમાં વિદ્યાર્થિનીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જ્યાં ધો-૧૦ અને ૧૨ની એક સાથે ૧૧ બાળાઓ કોરોના સંક્રમિત જોવા મળી હતી. સ્કુલમાં પ્રવેશતાં ધોરણ ૧૦-૧૨ ની વિદ્યાર્થીનીઓના ટેસ્ટ કરાવ્યા હતા. એકજ સ્કુલ માં અભ્યાસ કરતી ૩ હોસ્ટેલમાં રહેતી અને ૮ શહેરની એમ મળી કુલ ૧૧ વિદ્યાર્થીનીઓમાં કોરોના પોઝીટીવ આવી છે. જેને લઈને અર્બન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોચી છે. શાળા ખુલ્યા બાદ આ બીજી ઘટના સામે આવી છે. અગાઉ જામનગરમાં જોડિયાની હુન્નર શાળાની વિદ્યાર્થિનીને કોરોના પોઝીટીવ આવી છે. ધોરણ ૧૨ માં અભ્યાસરત વિધાર્થીની કોરોના સંક્રમિત નજર આવી હતી.

એક બાજુ આજે સરકારે ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિધાર્થીઓ માટે પ્રેક્ટીકલ પરિક્ષાનિ જાહેરાત કરી છે. શું હજુ પણ સરકાર પોતાના શાળા ખોલવામાં નિર્ણય ઉપર અડગ રહેશે કે પછી હજુ વધુ વિધાર્થીઓના કોરોનાગ્રસ્ત બનવાની રાહ જોશે..? આ વાત નો જવાબ તો આવનાર સમય જ લેશે. પરંતુ શકું છે કે હવે વાલીઓ પોતાના વ્હાલસોયાને શાળાએ મોકલતા પહેલા જરૂર એકવાર વિચારતા થઇ જશે.

# પેટ્રોલ-ડીઝલ થકી સરકારને ચાંદી: એક્સાઈઝની આવકમાં ૪૮ ટકાનો ઉછાળો




યુ દિલ્હી,તા.૧૮

કોરોના મહામારીના કારણે ભલે દરેક પ્રકારના ટેક્સ કલેક્શનમાં ઘટાડો થયો હોય, પરંતુ એક્સાઈઝ ડ્યૂટી કલેક્શનમાં ચાલું નાણાંકીય વર્ષ દરમિયાન ૪૮ ટકાનો વધારો નોંધવામાં આવ્યો છે. જેનું મુખ્ય કારણ ડીઝલ અને પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યૂટીના દરમાં રેકોર્ડ વધારો છે.

કંટ્રોલર જનરલ ઑફ એકાઉન્ટ્સ તરફથી પ્રાપ્ત આંકડા અનુસાર, એપ્રિલ-નવેમ્બર-૨૦૨૦ દરમિયાન એક્સાઈઝ ડ્યૂટીનું કલેક્શન ૨૦૧૯ના આજ સમયગાળાના ૧,૩૨,૮૯૯ કરોડ રૂપિયાથી વધીને ૧,૯૬,૩૪૨ કરોડ રૂપિયા થઈ ગયું છે.

એક્સાઈઝ ડ્યૂટી કલેક્શનમાં આ વૃદ્ધી વર્તમાન નાણાંકીય વર્ષના ૮ મહિનાની મુદ્દત દરમિયાન ડીઝલના વેચાણમાં એક કરોડ ટનથી વધુની કમી છતાં થઈ છે. ડીઝલ ભારતમાં સૌથી વધુ વપરાતું ઈંધણ છે.

પેટ્રોલિયમ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસીસ સેલના આંકડા અનુસાર, એપ્રિલથી નવેમ્બર ૨૦૨૦ દરમિયાન ડીઝલનું વેચાણ ગત વર્ષના ૫.૫૪ કરોડ ટનથી ઘટીને ૪.૪૯ કરોડ ટન રહ્યું છે. આ દરમિયાન પેટ્રોલનો વપરાશ પણ ગત વર્ષના ૨.૦૪ કરોડ ટનથી ઘટીને ૧.૭૪ કરોડ ટન રહ્યો છે.

પેટ્રોલિયમ પ્રોડક્ટસ અને નેચરલ ગેસને જીએસટીની બહાર રાખવામાં આવ્યા છે. દેશમાં જુલાઈ-૨૦૧૭થી જીએસટીનો અમલ શરૂ થયો છે. પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ અને નેચરલ ગેસ પર કેન્દ્ર સરકાર એક્સાઈઝ વસૂલે છે, જ્યારે રાજ્ય સરકાર વીએટી લગાવે છે. આર્થિક મંદી છતાં એક્સાઈઝ ડ્યૂટીના કલેક્શનમાં વૃદ્ધિનું મુખ્ય કારણ પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સના રેટમાં રેકોર્ડ વૃદ્ધી હોવાનું કહેવાય છે.

સરકારે વર્તમાન નાણાંકીય વર્ષમાં પેટ્રોલ પર બે વખત એક્સાઈઝ ડ્યૂટી ૧૩ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ પર ૧૬ રૂપિયા પ્રતિ લીટર વધારી દીધી છે. જેના કારણે પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યૂટી વધીને ૩૨.૯૨ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ પર ૩૧.૮૩ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે.

# કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ

## સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો: બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ: ક્રૂડ તેલમાં વૃદ્ધિ: પ્રથમ સત્રમાં રૂ.૧૧૫૦૫ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૮૧૭૫૮ સોદામાં રૂ.૧૧૫૦૫.૬૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૩ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૪૭૭ વધી આવ્યો હતો, જ્યારે બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં વૃદ્ધિ સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો, જ્યારે રબરમાં સુધારાનો સંચાર થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૪૮૯૧ સોદાઓમાં રૂ.૫૫૦૬.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૬૬૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૯૯૫ અને નીચામાં રૂ.૪૮૬૦૮ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૩ વધીને રૂ.૪૮૮૪૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૩૬૭ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૮૭૬ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯ વધીને બંધમાં રૂ.૪૮૮૮૪ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૫૦૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૫૭૦૩ અને નીચામાં રૂ.૬૪૮૮૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૭૭ વધીને રૂ.૬૫૨૪૧ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૫૦૦ વધીને રૂ.૬૫૨૩૭ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૫૦૬ વધીને રૂ.૬૫૨૫૧ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૩૪૪૯ સોદાઓમાં રૂ.૨૩૩૧.૩૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૮૧૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૫૨ અને નીચામાં રૂ.૩૮૦૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૨ વધીને રૂ.૩૮૪૭ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૫૭૪ સોદાઓમાં કુલ રૂ.૪૦૬.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૧૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧૬૦ અને નીચામાં રૂ.૨૧૦૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦ ઘટીને રૂ.૨૧૦૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૪૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨.૮ ઘટીને બંધમાં રૂ.૯૪૧.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૮૬ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૧૪ અને નીચામાં રૂ.૯૭૬ રહી, અંતે રૂ.૯૭૭.૮ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૯૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૭ અને નીચામાં રૂ.૧૧૮૭ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭ ઘટીને રૂ.૧૧૮૯.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૬૬૦ અને નીચામાં રૂ.૧૫,૫૫૦ બોલાઈ, અંતે રૂ.૭૧ વધી રૂ.૧૫,૬૩૪ના સ્તરે બંધ થયો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૧૩૮૪ સોદાઓમાં કુલ રૂ.૨૮૮૮.૨૯ કરોડ ની કીમતનાં ૫૯૧૫.૭૫૧ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૩૫૦૭ સોદાઓમાં કુલ રૂ.૨૬૧૮.૧૯ કરોડ ની કીમતનાં ૪૦૧.૦૪૮ ટન, ક્રૂડ તેલમાં ૪૮૯૪ સોદાઓમાં રૂ.૩૧૮.૫૫ કરોડનાં ૮૩૧૯૦૦ બેરલ્સ, કોટનમાં ૪૦૬ સોદાઓમાં રૂ.૩૧.૯૦ કરોડનાં ૧૫૦૫૦ ગાંસડી, સીપીઓમાં ૩૦૩૦ સોદાઓમાં રૂ.૩૬૬.૪૮ કરોડનાં ૩૯૧૭૦ ટન, મેન્થા તેલમાં ૫૯ સોદાઓમાં રૂ.૬.૬૦ કરોડનાં ૬૬.૯૬ ટન, કપાસમાં ૩૦ સોદાઓમાં રૂ.૮૫.૬૨ લાખનાં ૧૪૪ ટનના વેપાર થયા હતા. રબરના વાયદામાં ૪૯ સોદામાં રૂ.૭૮.૩૯ લાખનાં ૫૦ ટનનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૮૨૨૧.૭૭૫ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૩૦.૭૫૩ ટન, ક્રૂડ તેલમાં ૨૪૭૩ બેરલ્સ, કોટનમાં ૧૫૧૧૭૫ ગાંસડી, સીપીઓમાં ૮૬૦૯૦ ટન, મેન્થા તેલમાં ૧૪૧.૪૮ ટન અને કપાસમાં ૨૯૨ ટન તથા રબરમાં ૧૬૪ ટનના સ્તરે રહ્યો હતો. સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૧૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૬ અને નીચામાં રૂ.૪૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૪.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૯ અને નીચામાં રૂ.૧૦૨.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૩ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૭૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૯૭૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૨૮.૫ અને નીચામાં રૂ.૯૭૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૩૦.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૯૬ ખૂલી, ઊપરમાં રૂ.૭૯૬ અને નીચામાં રૂ.૬૧૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦૧ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૮૦.૧ અને નીચામાં રૂ.૧૫૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૫.૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૨૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૫૦ અને નીચામાં રૂ.૨૧૪.૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧૯.૨ બંધ રહ્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ના મેમ્બરો દ્વારા નવા વિષય "ઉત્તરાયણ. મીઠું,સગપણ" અંતર્ગત શુભ શરૂવાતે આજે પાંચ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.અખબાર તેમજ ન્યૂઝ પોર્ટલ,લાઇવ ટીવી સમાચાર બાબતે સંપર્ક .

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling: 9824653073

---

NOG SS No :- 0073
પ્રકાર : ગદ્ય
વિષય..છૂટા છેડા.

ચાલીસ વર્ષની સલોનીએ પોતાની સત્તર વર્ષની દીકરીને કહ્યું" બેટા ! તને અને ભાઈને આજે એક વાત કરવી છે.
તારા પપ્પા સાથે મેં લગ્નના વીસ વર્ષ કાઢ્યાં પણ હવે મને નથી લાગતું કે હું આગળ વધારે સમય એમની સાથે રહી શકું.કહેવાતા સંસ્કારી ખાનદાન પૈસાદાર ઘરના નબીરામાં કોઈ ગુણ સારા નથી. દારૂ પીવો, જુગાર રમવો, ગાળો બોલવી અને મારપીટ કરવી,આ બધું રોજનું છે ,પરંતુ તમે નાનાં હતાં એટલે મેં બધું વેઠયું પણ હવે મારાથી સહન નથી થતું .તું સાસરે જતી રહીશ,ભાઈ એની પત્ની સાથે અલગ રહેશે તો મારાથી તારાં પપ્પા સાથે પાછલી જિંદગીમાં આવી રીતે નહીં રહેવાય. એક બાપ તરીકે એ તમારી જવાબદારી પૂરી કરેછે,પણ એક પત્ની તરીકે એ મને પહેલેથી જ પસંદ નથી કરતાં. પણ હું તમારાં અને
બા-દાદાના લીધે જ અહીં રહી ગઈ.
પણ હવે મારાથી સહન નહીં થાય એટલે મેં એક નિર્ણય કર્યો છે જેમાં મારે તમારો સાથ જોઈએ છે. હું તમારી સાથે જ છું, પરંતુ હું તારા પપ્પા સાથે વારે વારે અપમાનિત થઈ નહીં રહી શકું , એટલે મેં તારા પપ્પા સાથે છૂટાછેડા લેવાનો નિર્ણય કર્યો છે.દુનિયા મને એવું કહેશે કે આટલા મોટા છોકરાંઓ મૂકી આ ઉંમરે જુદા થયા પણ મને એનાથી કોઈજ ફરક નહીં પડે. મને મારાં બાળકો શું વિચારે છે અને એ શું કહે છે એનાથી મતલબ છે.માટે જ આજે મેં તમારી સાથે તમારો નિર્ણય જાણવા તમને વાત કરી ,તમે શું કહો છો?""મમ્મી ,અમે તને પહેલેથી જ જ્યારથી સમજણ આવી ત્યારથી જ પપ્પાનો માર ખાતી, ગાળો સાંભળતી જોઈ છે .તું તારી જગ્યાએ સાચી છે.અમને એમ કે અમે મોટાં થઈ ગયા છીએ તો
પપ્પામાં કોઈ સુધારો આવશે પણ એવું ના થયું, એટલે અમે પણ તારી સાથે જ નાના-નાનીને ત્યાંજ આવી જઈશું.મમ્મી, આપણે સાથે હોઈશું તો કોઈપણ મુસીબતનો સામનો કરી શકીશું. આ નિર્ણય તારે બહુ પહેલાં લેવાનો હતો, આટલું સહન કેમ કર્યું?" સરલા પોતાના બંન્ને બાળકોની સમજદારી જોઈ એમને ગળે લગાવી ચોધાર આંસુએ રડવા માંડી ,જાણે એના મનનો બધો ભાર હળવો થઈ ગયો. બીજાં દિવસે છૂટાછેડાના કાગળ પર સહી કરી પોતાનાં બાળકોને લઈ એક નવી જિંદગીની શરૂઆત કરવા આ ઘર છોડી નીકળી ગઈ. જાણે સોનના પીંજરામાંથી પંખી મુક્ત થયું હોય એવા અહેસાસ સાથે.

નયના પટેલ..નૈન.,વડોદરા.

---

NOG SS No :- 0079
વિષયઃ છૂટાછેડા
પ્રકાર :- ગદ્ય

લાખો રૂપિયાનો ધુમાડો કરી સાહિલ ,સ્નેહાને પરણી ઘરે લાવ્યો. બંન્ને વચ્ચે કોલેજના પહેલાં
વર્ષથી પ્રેમ પાંગર્યો હતો. અધૂરામાં પૂરું બંન્ને એક જ જ્ઞાતિના હતાં. રંગે ચંગે લગ્ન લેવાયાં.
રૂમઝુમ કરતી સ્નેહા સાસરે આવી. નવી વહુ નવ દિવસ. સાહિલ એકનો એક દીકરો હતો.
સ્નેહાને એક ભાઈ હતો જે મુંબઈ રહેતો. સ્નેહા જ્યારે પણ ભાઈને ત્યાં જાય ત્યારે, ભાભીની ઘર સજાવટની કળા જોઈ છક થઈ જતી.
તેને પણ થતું, કે તે પણ પોતાનું ઘર મરજી મુજબ સજાવે !.
સાહિલે પપ્પાનો પ્યાર જોયો જ નહોતો. બે વર્ષનો થયો ત્યારે વિમાન અકસ્માતમાં પપ્પા ગુમાવ્યા
હતાં. સ્નેહા સાથે લગ્ન પહેલાં સમજૂતી થઈ હતી,હ્રમમ્મી સાથે રહેશેહ્ર !
સ્નેહાએ ત્યારે તો હરખાઈને
હા પાડી. નોકરી કરીને ઘરે આવે તો તૈયાર ભાણું કોને ન ગમે? આમ ગાડું બરાબર ચાલતું. હવે તો એક
દીકરીની મા બની. સાહિલના મમ્મી, શકુબેન ખૂબ લાગણીશીલ હતાં. બધી રીતે સ્નેહાને અનુકૂળ રહેતાં.
કોને ખબર કેમ હવે સ્નેહાને મમ્મી આંખના કણાંની જેમ ખૂંચવા લાગ્યાં. એમાં પાછી સ્નેહાના મમ્મીની ચડામણી.
સાહિલનાં કાન ભંભેરવાનો પ્રયત્ન ચાલુ કર્યો. શરૂઆતમાં સાહિલ વાત ઉડાવતો. જ્યારે ટક ટક ખૂબ
વધી ગઈ, ત્યારે સ્નેહાને સાફ શબ્દોમાં કહી દીધું, "હું મારી મમ્મીને નહી છોડુંહ્ર ! સ્નેહાએ છેલ્લો પાસો ફેંક્યો
"તો હું તને છૂટાછેડા આપીશ". સાહિલે પોતાનો સ્પષ્ટ જવાબ સંભળાવી દીધો. "જેવી તારી મરજી".વાત વણસી ગઈ ,સ્નેહા છૂટાછેડા લઈ સલોનીને લઈ નીકળી ગઈ. દીકરી નાની હોવાને કારણે માને મળી. સાહિલ ભાંગી પડ્યો પણ ખોટી દાદાગીરી ચલાવવા એકનો બે ન થયો. ફરી લગ્ન કરવાનો વિચાર સુદ્ધાં ન કર્યો.
આ બાજુ સ્નેહા, દીકરીના લાલન પાલનમાં વ્યસ્ત થઈ ગઈ. પોતાની નોકરી ખૂબ સુંદર હતી. દીકરીની ઉંમર વધતાં વાર ન લાગી. સલોની સમજુ હતી. મમ્મી અને પપ્પાનો અઢળક પ્યાર પામતી. તેણે મનમાં નિર્ધાર
કર્યો.. દાદીનો સહકાર મેળવી બીડું ઝડપ્યું. દાદીનો સાથ મળ્યો. શકુબહેનને સ્નેહા વિષે કોઈ ફરિયાદ ન
હતી, તે જાણતા હતાં કે દીકરો તેમને નહીં છોડે.
સલોનીએ જીદ પકડી,"પપ્પા અને મમ્મી તમે બંન્નેએ શા માટે બીજાં લગ્ન ન કર્યાં?
મને ખબર છે! જેમ તમને બંન્નેને હું વહાલી છું એમ એકબીજાંને હજુ ભૂલ્યાં નથી.
સ્નેહા અને સાહિલ પૂતળાંની જેમ સલોનીની વાત સાંભળી રહ્યા. આટલાં બધાં વર્ષોના વિયોગ પછી સ્નેહાને પોતાની ભૂલ સમજાઈ હતી. અહં આડે આવતો હતો. દીકરીને બહુ શ્રમ લેવો ન પડ્યો.
છૂટાછેડા, પાછાં ક્યારે બંધાઈ ગયાં તેની ખબર પણ ન પડી. શકુબહેનને હૈયે ટાઢક થઈ," હાશ, હવે મારા પ્રાણ ગતે જશે!"

પ્રવિણા કડકિયા.(હ્યુસ્ટન.ટેક્સાસ)

---

NOG SS No : 0089
પ્રકાર : ગદ્ય
શીર્ષક :- સામાજિક પરિસ્થિતિ :::
કોરોનામાં સંયમનો

અહેસાસ થયો છે... સમજણ આવી છે.. કારણ જ્યારથી કોરોના ફેલાયો છે જગતમાં માણસ માણસ માંગે સંયમ. અપેક્ષા મોટી નથી અંતર રાખવાની આદત પાડવાની. માસ્ક પહેરવાનું જ, પહેલાંની જેમ છીંક ઉધરસ ખવાય નહીં. લોકો તમને ટોકશે ,રોકશે, ના ગમે તો ઘરમાં પૂરશે. પ્રકતિનો રોષ છે, ડોક્ટરનો ઓર્ડર છે. સમાજ અને ઘરનાં સભ્યોની અપેક્ષા છે. સંયમ વગર આદત પડશે નહીં. સાચું કહું તો શક્ય બને પણ નહીં, જુઓને નાનું બાળક પણ હવે સમજે છે, અનુભવે છે કે, કોરોના વાયરસ એટલે શું.? સોશિયલ ડિસ્ટન્સ જાળવવું એ માટે પણ સંયમ જોઈએ. દૂરથી નમસ્તે કહેતાં આપણે આપણી જ પ્રથા અને સંસ્ક?તિ પામી ગયાં.
ભારતની પારંગત સભ્ય સંસ્ક?તિથી આજે આખું વિશ્વ ભલે ડઘાઈ ગયું હોય પણ સંયમ શીખવે છે યોગ. ડાયટિંગ વખતે પણ બોલ્યું કે માત્ર કહેવાથી નહીં, સંયમી બનવાથી, ઓછાં ભોજનથી અને કસરત કરવાથી વજન ઊતરશે. આમ સંયમ શીખવે નિયમિતતા, સ્વચ્છતા, શિસ્ત. જુઓ શીખવે સભ્યતા ને એકબીજાંનાં પૂરક ,અંતે લાવે શાંતિ
સુખ અને સંપૂર્ણતા.

---

શીર્ષક : ઉતરાયણ

અરે કોઈ તો કહો ગુજરાતમાં
ઉત્તરાયણ આવી કે નહીં ?
કોણ બોલ્યું કાયપો છે ??
પતંગ ઉડતા આકાશે... કે ટુક્કલ
અત્યારે કદાચ ...!!
રંગ ભર્યા કાચ વાળી ફિરકી સંગ પતંગ
દુકાને દેખાતા હશે.
કદાચ ચણીબોર ને જામફળ ને કાચા
આંબળા પણ સાથે વેચાતાં જ હશે...
તલસાંકળીનાં લાડુ ... ધાબે જલેબી
ને
ઊંધિયાની મજા જ અનેરી... !!

---

પ્રકાર : પદ્ય
શીર્ષક : મીઠું (ખારાશ)

ખારાશ ભળી સંબંધે
સમય બાજુમાં આવીને ઉભો ને મળ્યા
વગર જતા રહ્યાં
પરબીડિયું ખુલ્લું ને કાગળે કોરા અક્ષર
જેમ જતાં રહ્યાં
ચઢાવ ઉતાર વર્ષમાં ને આવ-જા કહી
સપન જતાં રહ્યાં
ખૂબ નજીક શ્વાસ સંગ ભળ્યા ને દિવસો
જેમ જતાં રહ્યાં

રેખા શુક્લ.(અમેરિકા)

---

NOG SS No :- 0086
પ્રકાર : ગદ્ય
શિર્ષક : ઉત્તરાયણ

મિત્રો, પતંગોની જેમ જ જીવનમાં વિવિધ રંગો હોય છે. જીવનમાં આપણે પણ પતંગની જેમ આકાશને આંબવાની અને ખૂબ ઉપર જવાની ઈચ્છા રાખીએ છીએ.
જેવી રીતે વાટેલા કાચ અને ગુંદરથી સુતાયેલા માંજાની પતંગ સરળતાથી નથી કપાતી તેવી જ રીતે પ્રેમ અને વિશ્વાસથી સુતાયેલા સંબંધો પણ મજબૂત હોય છે. દોર વગરની પતંગ બેકાર છે, મતલબ જિંદગીના સંબંધો પણ એકબીજાંની મદદ વગર અધૂરાં છે. પતંગ ઉડાવવી એ એકના હાથની વાત નથી, ફીરકી પકડવાવાળો અને ખેંચ આપવાવાળો સાથે જોઈએ. પતંગ હવાના જોર સાથે વહે છે. કમાન તૂટી તો સમજો પતંગ કપાઈ ગઈ.
જીવનમાં સંબંધોની કમાનને તૂટવા ન દો. એટલી જ વાળો જેટલી એમાં લચક હોય. પતંગની પૂંછડીથી તેનુ બેલેંસ હોય છે, જીવનમાં ધૈર્ય એ પૂંછડીનું કામ કરે છે. જેટલું આપણે ધૈર્ય રાખીશું તેટલું જ સંબંધોમાં બેલેંસ રહેશે. ક્યારેક ક્યારેક પતંગોમાં ઢીલ પણ આપવી પડે છે. જીવનમાં હંમેશા તણાવમાં ન રહો, થોડી ઢીલ આપતાં રહો, જેથી જિંદગી સ્મૂધ ચાલતી રહે.
પતંગ ઉડાડવામાં ઘણી વાર હાથોમાં કપાવાથી ઈજા થાય છે, જિંદગીમાં પણ કેટલીય વાર ખુશીની ઉડાણની સાથે ગમના ઘા પણ વાગે છે. ક્યારેક પતંગ કપાઈ પણ જાય છે, એટલેકે જીવનમાં પણ અસફળતા આવી જાય છે પણ એ એક અસફળતાને આપણી હાર ન માનીએ. જેમ નાનું બાળક ચાલતાં શીખતું હોય ત્યારે કેટલીયવાર પડે પણ એ ગમે તેટલીવાર પડે તોય એ ફરીથી ઊભા થવાનું અને ચાલતા શીખવાનું બંધ નથી કરતું. તો ચાલો જીવન જીવવાની આ કળા બાળક પાસેથી શીખીએ અને પાછી નવી પતંગને છૂટ આપીને નવું આકાશ આપીએ તો તે અવશ્ય આકાશની ઊંચાઈઓને આંબી જશે..!!

વૈભવી જોષી - સિડની

---

NOG SS NO - 0080
વિષય - ગદ્ય
શીર્ષક - સાચું સગપણ

સાચું સગપણ

"શેફાલી, આટલો બધો ગુસ્સો કેમ કરે છે? મેં તો માત્ર પાંચસો રૂપિયા જ લીધાં'તા તારાં પર્સમાંથી. "
"પણ તારે મને પૂછીને લેવાં જોઈએ ને? "
" પણ તું નહાવા ગઈ હતી , ઉપર આવી ત્યાં તું ઓફિસ નીકળી ગઈ. "
" ગમે ત્યારે બસ રૂપિયા જ સેરવી લેવાના !,' શેફાલીનો ગુસ્સો સાતમા આસમાને પહોંચેલો હતો. "પણ ફૂટ તો તારાં માટે જ.., તું ભૂખી...,
"મીનાબેનની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. કેટલીય માનતા પછી દીકરીના જન્મથી પોતે કેવી ઘેલી થઈ ગયેલી.આના કરતાં તો... !
મિહિરે શેફાલીને ચૂપ કરાવવા પ્રયત્ન કર્યો પણ..!એ ધૂંધવાઈ ગઈ.
વાવાઝોડાની આગાહી હોવાથી વાતાવરણ ભયાનક લાગતું હતું. એટલો બધો ઝેરીલો પવન હતો કે ઘરની સામે જૂનું પુરાણું વડનું ઝાડ મૂળ સમેત પડી ગયું. ગિરીશભાઈના નિધન પછી દોઢેક વરસથી મીનાબેન એકનીએક દીકરીનાં ઘરે રહેતાં હતાં, ગીરીશભાઈની બીમારીમાં ઘર ખાલી થઈ ગયું. શેફાલીને એમબીએ કરવાની જીદે મીનાબેને પતિની ના હોવા છતાં પોતાના સોનાના દાગીના વેચીને દીકરીને ભણાવી.
ગિરીશભાઈએ અંતિમ ઈચ્છા મુજબ દીકરીનું કન્યાદાન કર્યું. લાડકોડમાં ઉછેરેલી દીકરીને વર પણ સારો મળ્યો, પોતાની મનમાની કરાવી શકે એવો.
" મિહિર, એજન્ટને મળી આવ્યો? મકાન બતાવ્યું? કેટલા આવશે મકાનનાં? " શેફાલીએ લાગલું જ મિહિરને પૂછ્યું.
" ક્યું મકાન? મિહિરકુમાર?
"આ આપણું, તું રહેતી 'તી એ !" હવે તો એ ખાલી જ પડ્યું રહે છે ને? શેફાલી મરડાઈને બોલી.
" તો એનું શું? " " એ વેચી નાખવું છે હવે, અમારાં ઓફિસના સ્ટાફમાંથી હું એક જ એવી છું કે જેણે ફોરેન ટ્રીપ કરી જ નહીં હોય ! બધાંને કેવું સારું, માબાપના ઘરેથી અઢળક આવતું હોય ! મારે તો...? "
મીનાબેન તો એકદમ ગભરાઈ જઈ બોલી ઊઠ્યાં,
"પણ.. પણ.. મને પૂછ્યા વિના.. તું.. !"
"એમાં શું પૂછવાનું? મારે ક્યાં કોઈને ભાગ આપવાનો છે? એ મારી જ સંપત્તિ છે ને? "
મીનાબેનની દીકરીની જીદ અને રોફ સામે જબાન ન ખૂલી ...!
સાંજે વાતાવરણ સાવ વાદળછાયું હતું.
આજે મિહિર વહેલાં ઘરે આવ્યો, મીનાબેન સામાન પેક કરીને જવાની તૈયારી જ કરતાં હતાં.એટલે એ તરત જ એમને મૂકવા જઉ નીકળી ગયો. પોતે શેફાલીના જિદ્દી સ્વભાવથી સારી રીતે વાકેફ હતો. રસ્તામાંથી જરૂરી સામાન ખરીદી કરી, મીનાબેનનાં હાથમાં સજળ નેત્રે રૂપિયાનું કવર મૂકી દીધું ..

વર્ષા જાની,ભાવનગર




## અંતિમ યાત્રાનો અંત પણ નજીક છે

આજકાલ સ્મશાનમાં માંડ પચીસ-ત્રીસ લોકો આવે છે, અને એમાં અડધો અડધ લોકો નનામી ઉપાડી શકે એમ નથી હોતા એટલે જે દસ બાર લોકો હોય છે એ નનામી ઉપાડે છે.

શબવાહિનીને છેક ઝાંપા સુધી લાવવી પડે છે . લૌકિક વ્યહવાર બંધ થયા અને હવે તો સ્મશાન જવામાં પણ આળસ ચડે છે..

જયારે ફોન કરે છે કોઈ, કે ભાઈ ફલાણાના ફાધર કે મધર ગુજરી ગયા છે અને સવારે આઠ વાગ્યે કાઢી જવાના છે ત્યારે ફોન ઉપાડનારા પૂછે છે, બેસણું ક્યારનું રાખ્યું છે?

સવારે આઠ વાગ્યે કાઢી જવાના હોય તો પોણા આઠ વાગ્યે થોડાઘણા લોકો ભેગા થાય છે, અને જેવા શબવાહિનીમાં મૃતદેહને મૂકે અને સ્વજન હાથ જોડે એટલે અડધી પબ્લિક ગાયબ, અને સ્મશાનમાં ઈલેક્ટ્રિક ભઠ્ઠીમાં મૂક્યા પછી બીજી અડધી અને છેલ્લે અસ્થિ લેતી વખતે તો માંડ પાંચ સાત જણા ઉભા હોય છે..!

સ્મશાનેથી ઘેર આવી અને કોગળા કરી મોઢું ધોઈ ને પછી ઘરમાં જુવો તો પાંચ સાત જણા માંડ બચ્યા હોય.. કોણ જમાડે એમને? કોણ આખી રાતના ઉજાગરાવાળાને અને સ્વજનને ગુમાવ્યાના આઘાતમાંથી બહાર લાવે ?

આ નવી ગોઠવાઈ રહેલી સમાજ વ્યવસ્થામાં હવે નામશેષ: થતી જાય છે, કોઈના સ્વજનના મૃત્યુની ક્ષણો સાચવવી એવી ભાવના આજે વીસ વીસ વર્ષના સબંધો હોય, ભલે ને ધંધાકીય સબંધ હોય તો પણ જનતાને આભડવા જવું તો દૂર રહ્યું બેસણામાં જતા જોર આવે છે.

હા, બહુ મોટો માણસ હોય અને એની આંખની ઓળખાણ હોય તો ફટાફટ દોડી જાય કેમકે ત્યાં હાજરી ગણાવાની છે અને સ્ટેટસ વધવાનું છે..! આજે મૃત્યુ અને એના પછીની વિધિ, એમાં કોણ આવશે, કેટલા હાજર રહેશે એનો બહુ મોટો આધાર મૃતકના સંતાનની સફળતા ઉપર રહેલો છે.

મૃત્યુ એ ઘણા લોકો માટે શક્તિ પ્રદર્શન છે, પણ ઘણા બધા માટે, ખાસ કરીને મધ્યમ વર્ગના માણસો માટે ખરેખર હૂંફ લાગણી સાથે જોડાયેલો મામલો છે..! અને, માણસને માણસની હૂંફની જરૂર હોય છે, મને ઘણા અનુભવ છે, વર્ષો ના વર્ષો મળ્યા ના હોઈએ અને ક્યારેક આવા પ્રસંગે ગયા હોઈએ ત્યારે ખભે માથું મુકીને મૃતકની દીકરી કે દીકરો રડી પડે છે..

ક્યારેક ખાલી હાથ પકડીને ઉભા રહે ફક્ત બે પાંચ મિનીટની આંખોથી થતી વાત, અરે! ખાલી આપણી હાજરી કલેજાને ઠંડક આપે અને એ દુ:ખની ઘડી કાપવામાં મોટો ફાળો આપી જાય છે.

RIP કે OM SHANTI ના સંદેશા ફેસબુક અને વોટ્સ એપ પર આવે છે એટલા લોકો બેસણામાં નથી આવતા..! અને આવ્યા વારા પણ ક્યાંક ને ક્યાંક કોઈ ગ્રુપ ની ચર્ચા કે આને આમ કીધું તેમ કીધું આને આમ ન કરવું જોઈએ એજ ચાલતું હોય.

એકવાર પાછું વાળીને વિચારવાની જરૂર છે પચાસ ઉપરના તો ગમે તેમ કરીને જઈ આવે છે, જે દિવસે મરણનો વ્યવહાર તૂટશે એ દિવસ પછી સમાજને તૂટતો કોઈ નહીં બચાવી શકે..

લગનમાં તો નાચનારા ભાડે લાવ્યા હવે નનામી ઊંચકવા પણ ભાડે માણસો લાવશો..?

તમે પણ વિચારજો ૧૮ વર્ષથી મોટા દીકરા દીકરીને લઈને ક્યારે બેસણા કે સ્મશાને ગયા છો..? નથી લઈ જઈને ભૂલ તો નથી કરતાને..?

એક વિચાર
લેખક: અજ્ઞાત

## માલપુર જાયન્ટસ ગ્રુપ અને સહીયરનો શપથવિધિ સમારોહ યોજાયો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

માલપુર નગર અને તાલુકામાં સેવાકીય કાર્યોમાં હંમેશા અગ્રેસર રહેતી જાયન્ટ્સ ગ્રુપ અને સહિયર જાયન્ટ્સનો શપથવિધિ સમારોહ જાયન્ટ્સ પીપલના ઝોન પ્રમુખ વી કે પટેલ ની ઉપસ્થિતિમાં યોજાયો હતો જેમાં માલપુર જાયન્ટ્સ પ્રમુખ તરીકે અતુલ સુથાર અને તેમની ટીમે તેમજ જાયન્ટ્સ સહિયર ના પ્રમુખ તરીકે દક્ષાબા એસ રાઠોડ અને તેમની ટીમે શપથ લઈ સેવાકીય કર્યો આગળ ધપાવવા પ્રતિજ્ઞા લીધી હતી આ પ્રસંગે માલપુર જાયન્ટ્સના સુરેન્દ્રસિંહ રાઠોડ (ચકાચક બાપુ), રમેશ સોની સહીત માલપુર જાયન્ટ્સ અને મોડાસા જાયન્ટ્સના નીલેશ જોશી સહીત હોદ્દેદારો અને સદસ્યો ઉપસ્થીત રહ્યા હતા ગત વર્ષે માલપુર જાયન્ટ્સે કરેલ સેવાકીય કાર્યોની સમીક્ષા અને સરાહના કરી હતી

## ઝાલોદર ગામ નજીક સુરત-હિંમતનગર બસ ખોટકાતા મુસાફરો રઝળ્યા



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી- સાબરકાંઠા જીલ્લામાં એસટી બસ ખોટકાઈ જવાની ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે ત્યારે સુરત થી હિંમતનગર એસટી બસ ઝાલોદર પાટીયા નજીક ટેકનિકલ ક્ષતીના પગલે ખોટકાઈ જતા એસટી બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરો રઝળી પડ્યા હતા એસટી તંત્ર દ્વારા અન્ય વૈકલ્પીક વ્યવસ્થા ન થતા મુસાફરોએ ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડી હતી જયારે હિંમતનગર જતા મુસાફરોને અન્ય એસટી બસમાં બેસાડી રવાના કરાયા હતા



જનતાના ના પ્રશ્નોને વાચા આપવા મહા-જનસંપર્ક અભિયાન અંતર્ગત ગુજરાત કોંગ્રેસ પ્રભારી શ્રી રાજીવ સાતવજી અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી અમિતભાઇ ચાવડા અમદાવાદ જિલ્લાના મટોડા ગામે જનસંપર્ક...

## વાઘપુર પાસે બોલેરો જીપે બાઈકને ટક્કર મારી ઘસડતાં બાઈક ચાલક યુવકનું કમકમાટી ભર્યું મોત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓની વણથંભી વણઝાર યથાવત જોવા મળી રહી છે મેઘરજના વાઘપુર નજીક બોલેરો જીપે બાઈકને ટક્કર મારી બાઈકને ઘસેડતા બાઈક ચાલક યુવકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી અકસ્માતની ઘટનાના પગલે યુવકના પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી ઈસરી પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહીતી અનુસાર, મેઘરજના ગોધાવાડા મનીષ રમણલાલ અસારી નામનો ૨૫ વર્ષીય યુવક કામકાજ અર્થે બાઈક લઈને નીકળ્યો હતો વાઘપુર ગામ નજીક બોલેરો જીપના ચાલકે



પુરઝડપે ગફલતભરી રીતે હંકારી બાઈકને અડફેટે લેતા બાઈક બોલેરો જીપમાં ફસાઈ જતા બોલેરો ગાડીના ચાલકે બાઈકને ઘસેડતા બાઈક ચાલક યુવકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું બોલેરોજીપ નો ચાલક અકસ્માત સર્જી જીપ લઇ રફુચક્કર થઇ ગયો હતો અકસ્માતની ઘટનાના પગલે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અકસ્માતની ઘટનાની જાણ મૃતકના પરિવારજનોને થતા દોડી આવ્યા હતા અકસ્માતની ઘટનાના પગલે ઈસરી પોલીસ ઘટનાસ્થળે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## માલપુરના ૧૭ ગામડાના ૧૪૦૮ ખેડૂતોને દિવસે વીજળી મળશે - શ્રી દીપસિંહ રાઠોડ

# અરવલ્લી જિલ્લાના માલપુરના જલારામ મંદિર "મોર ડુંગરી" ખાતેથી આજથી "કિસાન સૂર્યોદય યોજના"નો શુભારંભ કરાયો



અરવલ્લી જિલ્લાના માલપુરના જલારામ મંદિર "મોર ડુંગરી" ખાતેથી સાંસદસભ્યશ્રી દીપસિંહ રાઠોડના હસ્તે કિસાન સૂર્યોદય યોજનાને ખુલ્લી મુકવામાં આવી હતી. જેનાથી માલપુરના ૧૭ ગામના ખેડૂતોને દિવસે વીજળીનો લાભ મળતો થશે.

સાંસદસભ્યશ્રી દીપસિંહ રાઠોડે ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજનાનાં શુભારંભ નિમિતે જણાવ્યું કે, આપણાં ગુજરાતમાં મોટાભાગના ખેડૂતો વસવાટ કરે છે. ગુજરાત એ ખેડૂતોની ભૂમિ કહેવાય છે. વડાપ્રધાનશ્રી એ ૨૪ ઑક્ટોમ્બરના રોજ ઈ-લોકાર્પણ કરીને કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કર્યો હતો. તેમણે નિર્ણય કર્યો હતો કે લોકોને દિવસે વીજળી આપવી છે. તે કામને તેમણે સભર કરી બતાવ્યું છે. લોકો ને હવે ૨૪ કલાક વીજળી મળશે. વડાપ્રધાનશ્રી ભારતને ગુજરાત જેવુ બનાવા જઇ રહ્યા છે. અરવલ્લી જિલ્લાના બાયડ ખાતેથી મુખ્યમંત્રીશ્રીએ કિસાન સૂર્યોદય યોજનાની શરૂઆત કરી હતી. જેનાથી સમગ્ર અરવલ્લી જિલ્લાને હવે દિવસે વીજળી મળશે. અરવલ્લીના માલપુરના ૧૭ ગામને દિવસે વીજળીનો લાભ મળશે.

શ્રી દીપસિંહ રાઠોડે વધુમાં જણાવ્યું કે, ૨૦૨૨ના અંત સુધીમાં દરેક ખેડૂતોને દિવસે વીજળી મળી રહે માટે યુ. જી. વી. સી. એલ. ના દરેક કર્મચારીઓ ખડેપગે ઊભા રહીને આ કામને વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવામાં આવે તેના કામમાં લાગી ગયા છે. દિવસે વીજળી મળી રહે તે માટે બૃહદ સાબરકાંઠા જિલ્લાના લોકોએ આંદોલનો પણ કર્યા હતા. આજે આપણે સફળતાના આરે જઈ રહ્યા છીએ. ભૂતકાળ કરતાં અત્યારના ગુજરાતમાં ઘણા કામો પૂરા થઈ રહ્યા છે. ગુજરાતને દરેક ક્ષેત્રે સફળતા મળી રહી છે. ખેડૂતો મજબૂત,આત્મનિર્ભર અને દરેક ક્ષેત્રે પ્રગતિશીલ બને. અગ્રણી રાજેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં સરકારે ખેડૂતોને લાભ થાય માટે ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકી છે. જેમાંથી જ્યોતિગ્રામ યોજના એ સાક્ષી છે. સરકારના લીધે જ્યોતિગ્રામ યોજના થકી લોકોને ૨૪ કલાક વીજળી મળી છે. તેમ આ બીજી કિસાન સૂર્યોદય યોજનાથી પણ ખેડૂતોને દિવસે વીજળી મળી રહેશે. આ સરકાર એ ખેડૂતોની સરકાર છે. જે ખેડૂતોના હિત માટે હમેશાં આગળ રહી છે. માલપુરના ૧૪૦૮ ખેડૂતોને હવે દિવસે મળી રહેશે. આ પ્રસંગે મેઘરજના પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ ભીખીબેન પરમાર, જીલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક શ્રી દાવેરા, બાયડના પ્રાંત અધિકારી શ્રી બારોટ,માલપુરના મામલતદાર શ્રી ચૌધરી, કિસાન આગેવાન શ્રી વાલાભાઈ,અધિક્ષક ઈજનેર શ્રી પી.સી.શાહ, તાલુકા અને જિલ્લાના સદસ્યશ્રીઓ, યુ. જી. વી. સી. એલના અધિકારી-કર્મચારીશ્રીઓ, જેટકોના અધિકારી સલીમ સુથાર અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# માધવગઢ ગામે કોરોના રસીકરણ જાગૃતિ અભિયાન હાથ ધરાયું




ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના આરોગ્ય કેન્દ્ર દ્વારા આયોજિત આંગણવાડી કેન્દ્ર માધવગઢના સહકારથી માધવગઢ ગામે કોરોના રસીકરણ જાગૃતિ અભિયાન હાથ ધરાયું. મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ પટેલ એ પ્રાસ્તાવિકતા કરતાં કહ્યું કે છેલ્લા દશ માસથી કોરોના વાયરસના સંક્રમણ સામે આપણે બધા ઝઝૂમી રહ્યા છીએ, હવે કોરોના રસીકરણનું કામ હાથ ધરાયું છે ત્યારે ગ્રામજનોએ રસીકરણ પહેલાં કે પછી ડરવાની જરૂર નથી. અફવાઓથી, ખોટી માહિતીથી અને અંધશ્રદ્ધાથી દૂર રહેજો. રસી મૂકાવ્યા વગર કોઈપણ ગ્રામજન બાકી રહેવા જોઈએ નહીં. રસીકરણ પછી પણ દો ગજ દૂરી, માસ્ક પહેરી, સાબુથી વારંવાર હાથ ધોઈ કોરોના સંક્રમણથી સાવધાન રહેવાનુ છે.

આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવાએ જણાવ્યું કે કોરોના રસી મૂકાવવાથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. ભયમુક્ત બનો અને માનસિક સ્વાસ્થ્ય મજબૂત બનાવો. રસીકરણની ખોટી ચર્ચાઓમાં પડ્યા વગર પ્રત્યેક ગ્રામજનોએ રસી મૂકાવવાથી રહી ન જાય તે ધ્યાનમાં લેવું. મધ્યસ્થ ગ્રંથાલયના ગાયક કલાકાર શ્રી જગદીશભાઈ પરીખ એ લોકગીતો અને રસીકરણનાં ગીતો ગાઈ ગ્રામજનોને મંત્રમુગ્ધ બનાવ્યા. આંગણવાડી સંચાલિકા સોનલબેન વાળંદ અને અરખાબેન મકવાણાએ કાર્યક્રમને ગોઠવવામાં મદદ કરી. આરોગ્ય કેન્દ્રના જતીન સોલંકી અને નરવરસિંહ રહેવર એ કાર્યક્રમના પૂર્વઆયોજનમાં મદદ કરી.

## બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલના હસ્તે ધ્વજવંદન થશે

# પાલનપુર મુકામે જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાશે



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આગામી પ્રજાસત્તાક પર્વ તા.૨૬મી જાન્યુઆરી-૨૦૨૧ની જિલ્લાકક્ષાની ઉજવણી પાલનપુર મુકામે આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે શાનદાર રીતે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. કોવિડ-૧૯ની ગાઇડલાઇન સાથે ગરિમાપૂર્ણ રીતે આ રાષ્ટ્રીય મહાપર્વની ઉજવણી કરવામાં આવશે.

આ મહાન રાષ્ટ્રિય પર્વની ઉજવણી સંદર્ભે પાલનપુર ખાતે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઇ હતી. બેઠકમાં કલેકટરશ્રીએ અધિકારીઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, પ્રજાસત્તાક પર્વની ઉજવણી આનંદ, ઉત્સાહ અને રાષ્ટ્રનપ્રેમભર્યા માહોલમાં સરસ રીતે થાય તે માટે ઝીણવટભર્યુ આયોજન કરીએ. આ રાષ્ટ્રીય મહાપર્વમાં દરેક અધિકારીઓ અને કર્મચારીઓ ફરજીયાત ઉપસ્થિત રહે તે માટે કલેકટરશ્રીએ સુચના આપી હતી. પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે સવારે-૯.૦૦ કલાકે ધ્વજવંદન, પોલીસ પરેડનું નિરીક્ષણ, હર્ષ ધ્વની, વિશિષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓ, રમતવીરો અને વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન, રાષ્ટ્ર ગાન સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયા, નિવાસી અધિક કલેકટરશ્રી એ.ટી.પટેલ, પાલનપુર પ્રાંત અધિકારીશ્રી એસ. ડી. ગિલવા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.મનીષ ફેન્સી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર. કે. પટેલ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી એસ.જે.ચાવડા સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થીત રહ્યાં હતાં.

# મોડાસા સર્વોદય સહકારી બેંકમાં ચેરમેન ઈકબાલ હુસેન ઈપ્રોલીયાની પેનલનો દબદબો યથાવત




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં ઉત્તર ગુજરાત એ સહકારી ક્ષેત્રનો ગઢ ગણવામાં આવે છે. સહકારી ક્ષેત્રની પકડ અરવલ્લી જિલ્લામાં વધારે જોવા મળે છે મોડાસા શહેરની સહકારી ક્ષેત્રમાં આગવું મહત્વ ધરાવતી અને લઘુમતી સમાજની નાણાકીય સંસ્થા એવી ધી સર્વોદય સહકારી બેંકની ૫ વર્ષની મુદત પૂરી થતા રવિવારે ઈવીએમથી મશીનથી ચૂંટણી યોજાઈ હતી જેમાં ચેરમેન ઈકબાલ હુસેન ઈપ્રોલીયાનો દબદબો યથાવત જોવા મળ્યો હતો ૧૪ ઉમેદવારોનો ભવ્ય વીજય થતા ચેરમેનના સમર્થકોએ ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી વિજયોત્સવ મનાવ્યો હતો ચેરમેન ઈકબાલ ઈપ્રોલીયા અને તેમની પેનલને શહેરીજનોએ અભીનંદન પાઠવ્યા હતા

મોડાસા શહેરની અગ્રણી સહકારી સંસ્થા ધી સર્વોદય સહકારી બેંકની રવિવારે મખદૂમ હાઈસ્કૂલમાં યોજાયેલ ચૂંટણીમાં ચેરમેન ઈકબાલ હુસેન ઈપ્રોલીયા અને તેમની પેનલ પર સભાસદોએ વધુ એકવાર ભરોશો મુક્યો હતો અને તેમની પેનલનો ૪૧૫ મતે ભવ્ય વિજય થતા શહેરના અગ્રણીઓ અને સભાસદોએ અભિનંદન પાઠવ્યા હતા ચૂંટણીના પગલે ચૂંટણી સ્થળે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બંદોબસ્ત ગોઠવી દીધો હતો

## પ્રારંભિક રેલ યાત્રાના સાક્ષી બનેલા રેલ યાત્રીઓ અનેરો આનંદ

# સ્ટેચ્ય ઓફ યુનિટી સ્થળને જોડતી રેલ સેવાની ગરીમામયી ઐતિહાસિક ઘટના



રાજપીપલા,તા૧૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે દિલ્હી ખાતેથી આજે દેશના અલગ અલગ વિસ્તારોમાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્થળ કેવડીયાને જોડતી વિવિધ રેલ સેવાઓના કરાયેલા વર્ચ્યુઅલ લોકાર્પણ બાદ આજે બપોરે અમદાવાદથી કેવડીયા ખાતે આવી પહોંચેલી જનશતાબ્દિ ટ્રેનના રેલ યાત્રીઓ આ ગરીમામયી ઐતિહાસિક ઘટના અને પ્રારંભિક રેલ યાત્રાના સાક્ષી બનેલા રેલ યાત્રીઓ અનેરા આનંદ, ઉત્સાહ અને ઉમંગથી ભાવવિભોર થયા હતા હને પ્રથમ દિવસના યાત્રી બનવાનાં અહોભાગ્ય બદલ આ યાત્રીઓએ ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

બનાસકાંઠા જિલ્લાના વતની અને દિવ્યાંગ યાત્રી ગેનાભાઇ પટેલે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, અમદાવાદથી-કેવડીયા જનશતાબ્દી ટ્રેનમાં બેસીને હું આવ્યો છું જેમાં, તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. અમને કોઈપણ પ્રકારની મુશ્કેલી પડી નથી તેમણે વધુમાં કહ્યું કે, કેવડીયા એ એકતાનું પ્રતિક છે. આ રેલ સેવાઓથી પ્રવાસન ક્ષેત્રના વિકાસની સાથોસાથ સ્ટેચ્યુ ઓફ યુનિટી થકી દેશ વિદેશમાં ગુજરાતની એક નવી ઓળખ પ્રસ્થાપિત થશે, તેવો પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો.

નડીયાદ-મહેમદાબાદ કોલેજના દ્ગઝ્રઝ્ર ની છાત્રા સુશ્રી મીનલબેન નરેન્દ્રભાઈ મકવાણાએ કહ્યું હતું કે, આજનો દિવસ આનંદ અને ગૌરવનો દિવસ છે. હું આજે પ્રથમ વખત ટ્રેનમાં બેસીને અહીં આવી છું મને અહી આવીને ખૂબજ આનંદ થયો છે અને તે બદલ તેમણે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

નડીયાદના યાત્રી શ્રી કૌશલભાઇ મહેશ્વરીએ હતું કે, દેશના વડાપ્રધાનશ્રીએ આજે રેલ્વે સેવા ચાલુ કરી છે તે પ્રવાસીઓ માટે ખૂબજ મહત્વની બની રહેશે. તેની સાથોસાથ કેવડીયા ટ્રેન સેવાથી ગ્રામીણ વિસ્તારોને પણ તેનાથી ફાયદો થશે તે માટે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

અમદાવાદના દિવ્યાંગ સમીર ઠક્કરે જણાવ્યું હતું કે ગુજરાત સરકારના સમાજ સુરક્ષા વિભાગ દ્વારા મારા જેવા ૫૦ જેટલા દિવ્યાંગોને આજની આરેલ યાત્રાનો લાવો મળ્યો છે. અમે ગ્રૂપના બધા સભ્યો આજની આ ઈવેન્ટમાં જોડાવા ટ્રેનમાં બેસીને કેવડીયાની મુલાકાતથી ખૂબજ ખુશીની સાથે ધન્યતા અનુભવીએ છીએ.

અમદાવાદના યાત્રી સુશ્રી નંદનીબેન મહેતાએ પોતાના પ્રતિભાવમાં કહ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે રેલ સેવાઓનું લોકાર્પણ કરીને ટ્રેનો ચાલુ કરી છે.

જેમાં અમદાવાદ-કેવડીયા રેલ સેવાનો પ્રારંભ કર્યો હોવાથી અમે ખૂબજ ખુશ છીએ. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવીને અમે ખૂબજ આનંદિત છીએ, અહીંયા તમામ પ્રકારની વ્યવસ્થા છે અને વાતાવરણ પણ સારૂ હોવાનું તેમણે જણાવ્યું હતું.

તસવીર: જ્યોતિ જગતાપ,રાજપીપળા

# છાપી પોલીસ અને રોડીક કન્સલ્ટ કંપની દ્વારા માર્ગ સલામતી સપ્તાહ નો કાર્યક્રમ યોજાયો..




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ તાલુકાના છાપી હાઈવે ખાતે છાપી પી.એસ.આઈ એસ.ડી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ આજરોજ છાપી ટ્રાફિક વિભાગ તથા રણજીત બીલ્ડકોન કંપની તેમજ રોડીક કન્સલ્ટ પ્રાઈવેટ કંપની દ્વારા માર્ગ સલામતી સપ્તાહ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં વાહન ચાલકોને ટ્રાફિક ના નિયમો નુ પાલન થાય તેવી માર્ગદર્શન પત્રિકાઓ સાથે ચોકલેટ આપી વાહનચાલકો ને ટ્રાફિક વિશેની જાણકારી આપવામાં આવી હતી કે વાહન ચલાવતી વખતે સીટ બેલ્ટ બાધવો,ચાલુ વાહને મોબાઈલ નો ઉપયોગ ના કરવો,હેલ્મેટ પહેરવુ,રોંગ સાઈડ પર વહાન ના હંકારવુ,નશા ની હાલત માં વહાન ના ચલાવવુ આવા નિયમોનું પાલન કરવાથી અકસ્માતો ની સંખ્યામાં ઘટાડો થાય અને જાનનુ જોખમ તેમજ પરિવાર ની સલામતી જળવાઈ રહે તે હેતુ થી આ માર્ગ સલામતી સપ્તાહ નો કાર્યક્રમ કરી વહાનચાલકો ને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં છાપી ટ્રાફિક પોલીસકર્મી જસવંતસિંહ વાઘેલા, વનાજી ઠાકોર,, જી.આર.ડી જવાન સંજયભાઈ તપોધન તથા રણજીત બીલ્ટકોન સેફટી ઓફીસર મનોજકુમાર શર્મા તથા રોડીક પ્રાઈવેટ કંપનીના ચાણક્યભાઈ તથા રાજકુમાર હાજર રહ્યા હતા તથા આ કાર્યક્રમ તારીખ ૧૮/૧/૨૦૨૧ થી શરૂ કરી તારીખ ૧૭/૨/૨૦૨૧ સુધી ચાલુ રહેશે...

# અરવલ્લીના મોડાસા ખાતે "સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ"નું ઉદ્દઘાટન કરાયું

## સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ ની સ્થાપનાથી બાળકો સમાજના મુખ્ય પ્રવાહ સાથે ભળશે:કલેકટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકર



અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરના હસ્તે સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સને ખુલ્લુ મુકવામાં આવ્યુ હતું.

પ્રાસંગિક પ્રવચન કરતા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરે જણાવ્યું હતું કે, ચિલ્ડ્રન હોમની સ્થાપના કરવાથી કાયદાની સાથે સંઘર્ષમાં આવેલા બાળકોને જુવેનાઈલ જસ્ટિસ એક્ટ અંતર્ગત રક્ષણ પુરૂ પાડવાનું કામ કરવાની પક્રિયા ઝડપી બનશે.

જેમાં રક્ષણની જરૂરીયાતવાળી અનાથ, નિરાધાર, આશ્રય રહિત, માતા-પિતા કે એકવાલી તેની સંભાળ રાખવા સક્ષમ ન હોય તેવા દિવ્યાંગ, ભીક્ષાવૃત્તિવાળા, બાળ લગ્ન કરાવેલ, બાળ મજુર, ગુમ થયેલ, શેરીમાં રહેતી, શોષિત, અસાધ્ય રોગથી પીડાતી, માનસિક બિમાર સહિતની બાળાઓના કેસની તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી તેમની કાળજી, સારવાર, શિક્ષણ, તાલીમ પુરી પાડવામાં આવશે જેથી તેમનો બૌધ્ધિક વિકાસ વધશે તથા તેમનું કૌટુંબિક તેમજ સમાજના મુખ્ય પ્રવાહ ભળવા માટે પુનઃસ્થાપનની કામગીરી સરળ બનશે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. અનિલ ધામેલીયા, પ્રોગ્રામ ઓફીસર,આઈ.સી.ડી.એસ. શ્રીમતી ઈનાબેન જોષી, મહિલા અને બાળ અધિકારીશ્રી ડી.બી.પંડ્યા,ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેનશ્રી હીરાભાઈ ડી.પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી સ્મિતા બેન પટેલ,સાબરકાંઠા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એમ.એચ.પટેલ, અરવલ્લી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી વી.બી.ચૌધરી અને ×સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ×નો સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા..

## પાજોદ થી દેશીંગા જતો સાત કિલોમીટરનો

# જૂનો માર્ગ જિલ્લા કૉંગ્રેસના પ્રયાસોથી મેટલ અને પેવર બનીને થશે ચાલું

માણાવદર તાલુકાના પાજોદ ગામથી દેશીંગા જતો સાત કિલોમીટરનો જૂનો રાજ માર્ગનો નાશ થાય તે પહેલા મેટલ -પેવર કામ જરૂરિયાતની જગ્યાએ પુલીયા અને સી.સી.કામ માટે માણાવદર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરવિંદભાઇ લાડાણી તથા માણાવદર શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ઝાટકિયા અને જિલ્લા કોંગ્રેસ અગ્રણી વલ્લભભાઈ દેસાઈની તા. ૨૫/૮/૨૦૨૦ ની રજૂઆત જિલ્લા કૉંગ્રેસ સમિતિ જૂનાગઢ ને મળેલ તેમની રજૂઆતમાં જણાવેલ હતુ કે પાજોદ થી દેશીંગા જવા માટે જૂનો રાજ માર્ગ ખાનગી માલિકોની પેશકદમી થઇ જવાના કારણે નાશ થવાની તૈયારીમાં છે જેથી તે અતિ મહત્વના સાત કિલોમીટર ના માર્ગમાંથી પેશકદમી દૂર કરી માટી, મેટલ કામ કરીને પેવર કરવામાં આવે તો તે રસ્તો સોટકટ બાંટવા અને માણાવદર જવા માટે તેમજ દેશીગા થી ચીખલોદ્રા થઇને સીધું કુતિયાણા નેશનલ હાઇવે જવા માટે પણ તે રસ્તો ખુબ જ ઉપયોગી બનશે તેવી તેમણે રજૂઆતમાં જણાવેલ હતું જે અનુસંધાને જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ નટુભાઇ પોકીયા એ કાર્યપાલક ઇજનેર પંચાયત માર્ગ મકાન વિભાગ ને તા.૨૮/૮/૨૦૨૦ ના રોજ તથા તા.૨૩/૧૧/૨૦૨૦ ના રોજ રજૂઆત કરાતા તે વિસ્તારના લોકોની રજૂઆત જિલ્લા પંચાયતના તંત્રને ગળે ઉતરતા કાર્યપાલક ઇજનેર પંચાયત માર્ગ મકાન વિભાગે તેમની કચેરી ના પત્ર ક્રમાંક નં જિપં/ બાંધ/પીબી/ ૧૯૫૪/૨૦-૨૧ તા. ૩૦૧૨/૨૦૨૦ થી રૂ. ૩૨૫.૦૦ લાખ ની તે પાજોદ થી દેશીંગા જવા માટે ના રસ્તાની માટી કામ, પેવર કામ, નાળા કામ તથા સી.સી. રોડની કામગીરી માટે દરખાસ્ત કરેલ છે.જેના અનુસંધાને જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ નટુભાઇ પોકીયાએ જણાવ્યું છે કે તે રસ્તાની દરખાસ્ત વહેલામાં વહેલી તકે મંજૂર થઇને આવે તેના માટે સતત સક્રિય રહીશું તેવું જૂનાગઢ જિલ્લા કૉંગ્રેસ ના મહામંત્રી વી.ટી.સીડા ની યાદીમાં જણાવેલ છે

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.